Vir-Shasan. Ahmedabad. Reg. No. B. 1500.

॥ श्री ॥

# વીર-શાસન.

वीरः सर्वसुरासुरेन्द्रमहितो वीरं बुधाः संश्रिता
वीरेणाभिहतः स्वकर्मनिचयो वीराय नित्यं नमः ।
वीरात्तीर्थमिदं प्रवृत्तमतुलं वीरस्य घोरं तपो
वीरे श्रीधृतिकीर्तिकान्तिनिचयः श्रीवीर भद्रं दिश ॥१॥

પુસ્તક ૨ જુ.] માગશર. સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [અંક ૨ જો.

## વિષયાનુક્રમ.

વીરજિનેશ્વરાષ્ટકમ્. ... ... ... ૩૩
જીવન યાત્રા... ... ... ... ૩૪
સુશ્રાવિકા. ... ... ... ... ૩૫
વિવિધ પ્રશ્નોત્તરો. ... ... ... ૩૬
પતિજ્ઞાપાત્ર જીવન. ... ... ... ૩૭
જૈન સાધુઓ અને અસહકાર. ... ૪૦
ખુલાસો. ... ... ... ... ૪૪
પ્રશ્નત્રયી. ... ... ... ... ૪૫
મિત્રતાનો નમુનો. ... ... ... ૪૭
જૈન ધર્મની મહત્તા... ... ... ૫૦
તોફાની કોણ... ... ... ... ૫૨
સુંદર રાજાની સુંદર ભાવના. ... ૫૩
મહારાજા ચંદ્રશેખર... ... ... ૫૯
સૂચના... ... ... ... ... ૬૧
અમારી નોંધ... ... ... ... ૬૨

સંપાદક

**કેશવલાલ દલસુખભાઇ શાહ.**

પ્રકાશક

**શ્રી વીર--સમાજ.**

ડોશીવાડાની પોળ, જૈન વિદ્યાશાળા—અમદાવાદ.

વાર્ષીક લવાજમ રૂ. ૨-૦-૦ પોસ્ટેજ સાથે.

અમદાવાદ-ધી યુનીઅન પ્રીન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં
શાહ મોહનલાલ ચીમનલાલે છાપ્યું.

## પંન્યાસજી મણિવિજયજીનો સ્વર્ગવાસ.

એઓ માત્ર દશ દિવસની વ્યાધિમાં ત્રાપજ મુકામે કાર્તિક શુદિ ૩ ના રોજ કાળધર્મ પામ્યા છે. એઓ શાસ્ત્રના સારા અભ્યાસી હતા અને વ્યાખ્યાન કળામાં કુશળ હતા. અમો તેમના આત્માને શાન્તિ ઇચ્છીએ છીએ, તેઓએ ઇંગ્લીશ અભ્યાસ પણ કરેલો હતો, કે જે આ વખતમાં જરૂરનો છે.

## વોરા અમરચંદ જસરાજનું ખેદકારક મૃત્યુ.

આ ગૃહસ્થ ૬૫ વર્ષની વયે આશ્વીન વદી ૧૩ ની રાત્રે સારી રિતે શુદ્ધિમાં પરમાત્માનું નામ સ્મરણ કરતાં કરતાં પંચત્વ પામ્યા છે. એઓ ઘણા ધર્મયુસ્ત હતા, તેવા એક દૃઢ ધર્માનુરાગી શુદ્ધ સમ્યક્ત્વધારી મહાશયનો વિરહ અમને ઘણોજ સાલે છે. તેમની ખામી ભાવનગરના સંઘને એક ન પૂરાય તેવી પડી છે. કાઠીઆવાડ રંડાયું છે. આવા પુરૂષો વિરલા હોય છે, તેથી તેમનો વિરહ મોટી ખોટ સમાન છે. તેમના પગલે તેમના ચીરંજીવી જગજીવનદાસ તથા ખાન્તિલાલ વિગેરે ચાલી તેમની કીર્ત્તિને ઉજ્વલ બનાવશે એવી આશા રાખીએ છીએ. અમે તેમના કુટુંબને સાચા અંતઃકરણથી દીલાસો આપીએ છીએ અને તેમના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ. તેઓના શ્રેયોનિમિત્તે તેઓના સુપુત્રો તરફથી માગશીર્ષ શુદ ૪ શનિવારથી અષ્ટાપદ મહાતીર્થની રચનાપૂર્વક અષ્ટાન્હિક મહોત્સવ શરૂ કરવાનો છે.

## સૂચના.

સુજ્ઞપુરૂષો ગ્રાહક થઇ ખરીદ કરશે એમ ધારી આ માસિક મોકલેલ છે માટે તેઓ લવાજમ મનીઓડરથી મોકલવા મહેરબાની કરશે. જેઓને ગ્રાહક તરીકે રહેવા ઇચ્છા ન હોય તેઓએ અમને ખબર આપવી. કેટલાંક અનિવાર્ય કારણોથી માસિક મોડું નીકળેલ છે તે વાસ્તે વાંચકો ક્ષમા કરશે. હવેથી નિયમિત બહાર પડશે.

## ચેતવણી.

ગુજરાતી ટાઇપમાં દેવસીરાઇ પ્રતિક્રમણની ચોપડીઓની બહુ તંગી થવાથી બાળકો લાંબા વખતથી ફરીયાદ કરતાં હતાં, તેમને અમારા તરફથી પ્રગટ કરાએલી એ પ્રતિક્રમણની ચોપડીઓ જોઇએ તેટલી મળી શકશે. કિંમત એક નંગની રૂ. ૦-૩-૬ ત્રણઆના છપાઇ. જથાબંધ લેનારને કમીશન મલી શકશે—

લખો—શ્રી શ્રેયસ્કરમંડળ. ઠે. શ્રીમાલીવગો, મુ. ડભોઇ.
ગુજરાત. જી—ડી. રેલ્વે.

॥ अर्हम् ॥

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स.

# श्री वीर-शासन.

# VIR-SHASAN.

पुस्तक २ । मार्गशिर्ष. संवत १९७८. वीर संवत २४४८. । अंक २.

## वीर जिनेश्वराष्टकम्.

वीरःश्रीत्रिशलाङ्गजोऽमरगिरौ वीरं सुरा मम्रजु-
र्वीरेणाऽजयि मोहभूपति चमूर्वीराय पूजां ददे ।
वीरान्नायकवज्जगच्च चरणे वीरस्य चिन्हं हरे-
र्वीरे भक्तिभृतोऽङ्गिनश्च दुरितात् त्रायस्व मां वीर भोः ॥ १ ॥

वीरो नम्रसुरेन्द्रवन्द्यचरणो वीरं गुणाः शिश्रियु-
र्वीरेणाऽतरि भीमसंसृतिसरित् वीराय नस्तान्नमः ।
वीराद्दुःखविनाशनं तनुमतां वीरस्य गौरं यशो
वीरे रागवतो सदा शिववधूः श्रीवीर मां पाहि भोः ॥ २ ॥

वीरः सद्गुणभाग् जिनोऽनुदिवसं वीरं भजन्तेऽङ्गिनो
वीरेणाऽत्यजि सद्म दुःखसदनं स्वस्त्यस्तु वीराय वै ।
वीरान्निर्मलबोधमेति भवभृत् वीरस्य मोक्षे स्थिति-
र्वीरे दूषणपद्धतिर्न वसति श्रीवीर देहि श्रियम् ॥ ३ ॥

वीरस्त्राणकरः सदा तनुमतां वीरं तमो नेक्षते
वीरेणाऽश्रयि मोक्षसंपदमला वीराय नो कोऽप्यलम् ।
वीराच्छासनमाप जन्म जनको वीरस्य सिद्धार्थराट्
वीरे नैकगुणा वसन्ति भवतः श्रीवीर रक्षस्व माम् ॥ ४ ॥

वीरः संसृतितारणैकतरणिर्वीरं श्रयन्तेऽमरा
वीरेणाऽन्तरशत्रवो हि दमिता वीराय मेऽर्चा विधिः ।
वीराद् दुर्द्धरकर्म शत्रुदमनं वीरस्य वाक्यं हितं
वीरे भक्तिभृतां वृणोति शिवशं श्रीवीर भूत्यै भव ॥ ५ ॥

वीरो मुक्तिवधूललाटतिलको वीरं स्तुवन्त्यङ्गिनो
वीरेणाऽतपि दुस्तपश्च भविनः स्पृह्यन्ति वीराय वै ।
वीरात् पापततिप्रणाशनमरं वीरस्य कीर्त्तिर्वरा
वीरे विश्वविलोकनैकपटुता हे वीर भद्रं कुरु ॥ ६ ॥

वीरो विश्वगुरुश्च केवलरमा वीरं समालिङ्गति
वीरेणाऽङ्गभृतः कृताश्च सुखिनो वीराय मे पूजनम् ।
वीरान्मोहमहारि भीक्षतिरिदं वीरस्य वै शासनं
वीरे सर्वगुणावलिर्निवसति श्रीवीर सौख्यं दिश ॥ ७ ॥

वीरो विश्वविलोकनैकचतुरो वीरं सदैवाऽर्चय
वीरेणाऽश्रयि मोक्षपूः सुरगणो वीराय नौत्यन्वहम् ।
वीरान्मङ्गलपद्धतिश्च भविनां वीरस्य रैभं वपु-
र्वीरे ज्ञानमनन्तमङ्गिनिवहं त्रायस्व वीराऽऽपदः ॥ ८ ॥

## જીવનયાત્રા-કવ્વાલી.

**જીવનયાત્રા સફળ તેની.**

પરાયાં છિદ્ર નવ પેખે, આપણા દોષેને દેખે;
સ્વ, પર સુખદુઃખ સમ લેખે, **જીવનયાત્રા સફળ તેની.** ૧
કદી પરમાર્થ નવ ચૂકે, સ્વાર્થને વેગળો મૂકે;
સ્વધર્મ રહી અડક ઝૂકે, જીવનયાત્રા સફળ તેની. ૨
વૃક્ષ ફળ ખાય નહીં પોતે, નદી જળ ના પીએ જો તે;
સજ્જન હિત પારકું ગોતે, જીવનયાત્રા સફળ તેની. ૩
કુટુમ્બ ને કોમની સેવા, સમાજીક દેશની સેવા;
ઉચ્ચ આશય તણી સેવા, જીવનયાત્રા સફળ તેની. ૪
દેવ ગુરૂ ને વડીલભક્તિ, ઉચ્ચ ચારિત્ર્યની વ્યક્તિ;
દયામય જીવનથી મુક્તિ, જીવનયાત્રા સફળ તેની. ૫

પરાયા પ્રાણુને પીડા, કરે નહીં ઘાતકી ક્રીડા;
કરે હિંસા ન પશુ પિડા, જીવનયાત્રા સફળ તેની. ૬
અભીક ભાખે ન મુખદ્વારે, ગુહ્ય પરનાં ન કહે ક્યારે ?
સત્ય પણ મધુર ઉચ્ચારે, જીવનયાત્રા સફળ તેની. ૭
વગર દીધું ન લે છાનું, ઓળવે નહીં અપર નાણું;
ન ચોરે સંત કોઈ વાનું, જીવનયાત્રા સફળ તેની. ૮
પ્રિયાપર માત સમ દાખે, હરામી દૃષ્ટિ નવ રાખે;
દેવ દુનીયાં યથા ભાખે, જીવનયાત્રા સફળ તેની. ૯
લોભનો થોભ જે રાખે, ન્યાયવિત્ત મેળવે શાખે;
પ્રપંચે પુંજી નવ તાકે, જીવનયાત્રા સફળ તેની. ૧૦
જવું દુનીયાં તજી ફાની, **દીવશ બેની છે મેમાની,**
ભલાઈ લે ભલી જ્ઞાની, જીવનયાત્રા સફળ તેની. ૧૧
ભષ્મ કાયા થશે ખાલી, જશે માયા ન કાંઇ લ્હારી;
પાપને પુણ્ય સહચારી, જીવનયાત્રા સફળ તેની. ૧૨
સંપત્તિમાં ક્ષમારાખે, વિપત્તિમાં ધૈર્યતા દાખે;
સદા સમભાવથી સાંખે, જીવનયાત્રા સફળ તેની. ૧૩
ભલાબૂરા ગયા નક્કી, જવું તારે નક્કી જક્કી;
સફળ કર આ સફર પક્કી, જીવનયાત્રા સફળ તેની. ૧૪
**સદા સાદું જીવન ગાળે, સત્ય શોધે અસદ્ ટાળે;**
**સાંકળચંદ દેવ કળિકાળે,** જીવનયાત્રા સફળ તેની. ૧૫

---

# સુશ્રાવિકા.

ધર્મ નીતિની મૂર્તિ સુશીલા શ્રાવિકા, શાસનનું એ રમણીય સુદઢ અંગજો;
વિશ્વ સર્વને સુંદર બોધો શિખવે, વસતી કુટુંબે ઉર ધરી ધર્મ પ્રસંગજો. ધર્મ૦ ૧
અમંદ ઉર શ્રદ્ધાવૃષ્ટિ એ રેલતી, ખેલતી સત્તા દાખવતી સહુ ઉરજો;
નીતિપથથી ડગમગતા પિયુના ઉરને, સ્થિર કરે તે દાખવી નેત્રનું નૂરજો. ધર્મ૦ ૨
શાંતવૃતિ ને સરસ વચનના યોગથી, શીતળ છાયાવતી એ મોહનવેલજો;
શાંતિ સુખોનાં અમૃતફળને અર્પતી, મધુરાં ફુલડે હસતી રસની રેલજો. ધર્મ૦ ૩
આધીનતા પણ એની સ્વાતંત્ર્ય સુખને-જણવે હીણું સ્વજન કરી આધીનજો;
જલ મલીનતા દુરે કરીને જીવતું, નિશદીન રે'તું જળમાં જળનું મીનજો. ધર્મ૦ ૪
અવસર પામી સદ્ગુરુના સંયોગથી, વ્હાલા સાથે ધરતી વિરાગી ભાવજો;
મનુષ્ય જન્મનું સાફલ્ય કરણે વળી, સ્વીકૃત કરતી સંયમ કેરૂં નાવજો. ધર્મ૦ ૫
મોહ મમત્વને તજતી વિરક્તા વિચરે, વીર વચનને થાતી સતત આધીનજો;
જગમાં મંગલભૂતા પૂજનીયા અતિ, યોગ મર્તિ એ જ્ઞાને ધ્યાને લીનજો. ધર્મ૦ ૬
આર્યોના આદર્શ જીવનની ખૂબીઓ, સ્વીયાચરણે ઉપદેશે કથનારજો;
આર્ય દેશને ગૌરવિત અધિકો કરે, ધન્ય એ નારી ભારતનો શૃંગારજો. ધર્મ૦ ૭

**લે. સિદ્ધિમુનિ.**

---

# વિવિધ પ્રશ્નોત્તરો.

( લે. પંન્યાસજી મહારાજ શ્રીમદ્ દાનવિજયજી ગણિ. )

પ્ર૦-૧—ભુવનપતિદેવોથી અધિકઋદ્ધિવાળા કોઇ વ્યંતરદેવો હોય ?

ઉ૦—કોઇક ભુવનપતિના દેવતાઓ વ્યંતરદેવો થકી પણ અલ્પઋદ્ધિવાળા હોય છે, એમ શ્રી ભગવતીસૂત્રના પહેલા શતકના બીજા ઉદ્દેશાની ટીકામાં કહેલ છે.

પ્ર૦-૨—સૌધર્મ ઇંદ્રનું વાહન ઐરાવણ હસ્તિ છે, એમ શ્રીકલ્પસૂત્રમાં છે, તો ઇશાન ઈંદ્રનું પણ તેજ સમજવું કે બીજું ?

ઉ૦—ઇશાન ઇંદ્રનું વાહન વૃષભ છે એમ શ્રીશાન્તિનાથ ચરિત્રમાં કહેલ છે,

પ્ર૦-૩—શ્રીસ્થુલિભદ્રસ્વામીનું નામસ્મરણ કેટલા કાલ સુધી રહેશે ?

ઉ૦—શ્રીસ્થુલિભદ્રસ્વામીનું નામસ્મરણ ચોરાશી ( ૮૪ ) ચોવીશી સુધી રહેશે, એ પ્રમાણે ઉપદેશતરંગિણીમાં કથન છે.

પ્ર૦-૪—શ્રીસિદ્ધભગવાનમાં અનંતચતુષ્ક કયું ?

ઉ૦—અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય અને અનંતસુખ, આ ચાર શ્રી યોગશાસ્ત્રમાં કહેલ છે.

પ્ર૦-૫—ગોશાળાએ મુકેલી તેજોલેશ્યાથી ભસ્મીભૂત થયેલા શ્રીસુનક્ષત્ર અને શ્રીસર્વાનુભૂતિ નામના મુનિવરો કયા દેવલોકમાં ગયા ?

ઉ૦—ઉપદેશમાલાની ટીકામાં કહ્યું છે કે-શ્રીસુનક્ષત્રમુનિ આઠમા દેવલોકમાં અને શ્રીસર્વાનુભૂતિમુનિ બારમા દેવલોકમાં ગયા છે.

પ્ર૦-૬—દેવતાઓ કઇ ભાષા બોલે ?

ઉ૦—શ્રી ભગવતી સૂત્રના પાંચમા શતકના ચોથા ઉદ્દેશામાં ઉલ્લેખ છે કે દેવતાઓ અર્દ્ધમાગધી ભાષા બોલે.

પ્ર૦-૭—ભુવનપતિમાંથી આવીને તીર્થંકર થાય ?

ઉ૦—ઐરવતક્ષેત્રમાં આ ચોવીશીમાં થયેલા ચોવીશમા તીર્થંકર શ્રીનાગકુમારમાંથી નીકળીને થયાનું વર્ણન શ્રીવસુદેવ ચરિત્રમાં છે, તથા આવતી ચોવીશીમાં બીજા તથા ત્રીજા તીર્થંકર દેવો શ્રી ભગવાન્ મહાવીરસ્વામીના કાકા સુપાર્શ્વનો જીવ તથા શ્રી શ્રેણીકમહારાજાના પૌત્ર પૌષધમાં કાળધર્મ પ્રાપ્ત થયા તે ઉદાયિ રાજાનો જીવ, આ બન્નેની નરકગતિનો તો સંભવ નથી અને વૈમાનિક દેવોની જઘન્યમાં જઘન્ય પલ્યોપમથી ઓછી સ્થિતિ નથી, તેમજ આંતરૂ ઓછું હોવાથી ભુવનપતિમાંથી નીકળી થવા સંભવ છે.

પ્ર૦-૮—વ્યવહારી જીવો અને અવ્યવહારી જીવો કોને કહેવા ?

ઉ૦—અનાદિ સૂક્ષ્મ નિગોદ અવ્યવહારી, બાકી સર્વ વ્યવહારી એ પંચદંડ કથામાં તથા પન્નવણાના અઢારમા પદની ટીકામાં કહેલ છે.

પ્ર૦-૯—દેવોને નિદ્રા હોય ?

ઉ૦—સૂર્યાભવિમાનવાસી દેવદેવીઓ યથાસુખ બેસે છે, કાયા પસારી શય્યામાં જાગતા સુવે છે, કારણ કે દેવોને નિદ્રા ન હોય એમ શ્રીરાયપસેણીની ટીકામાં કહેલ છે.

પ્રસ-૧૦—અનંતાનુબંધીનો જઘન્ય ઉદય કેટલા કાલનો ?

ઉ૦—નરકગતિયોગ્ય કર્મ ઉપાર્જન કરાવનાર અનંતાનુબંધી કષાયનો જઘન્ય ઉદય અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ શ્રીપ્રસન્નચંદ્રાદિની માફક શ્રીયોગશાસ્ત્રમાં કહેલ છે.

પ્ર૦-૧૧—કોરડુ મગ આદિ સચિત્ત છે કે અચિત્ત ?

ઉ૦—શ્રી ઓઘનિર્યુક્તિની ટીકામાં તથા શ્રાદ્ધવિધિ આદિમાં કોરડુ મગ આદિને અચિત્ત કહેલ છે.

પ્ર૦-૧૨—નરકની અંદર નારકી જીવોને પરમાધામિ કદર્થના કરે છે, પણ નારકીઓ કોઇપણ વખત પરમાધાર્મિકના સામા થાય ખરા કે ?

ઉ૦—અહિં જેમ કેદખાનામાં કેદીઓને જેલરો મારે કુટે છે અને કોઇ વખત કેદીઓ પણ એકસંપ કરી સામા થાય છે, તેમ નારકીઓ પણ કદાચિત્ પરમાધાર્મિકને બાંધે, પરન્તુ એ આશ્ચર્યભૂત બનાવ અનંતાકાલે બને, એમ શ્રીપન્નવણા સૂત્રના બાવીશમા પદની ટીકામાં કહેલ છે.

પ્ર૦-૧૩—જૃંભકદેવો કઇ નિકાયના તથા તેમની સ્થિતિ કેટલી ?

ઉ૦-જૃંભકદેવો વ્યંતરનિકાયના અને તેમની સ્થિતિ એક પલ્યોપમની, એમ શ્રીભગવતી સૂત્રના ચૌદમા શતકના આઠમા ઉદ્દેશાની ટીકામાં કહ્યું છે.

પ્ર૦-૧૪—સાધુ સાધ્વીની વડીદીક્ષામાં દિગ્બંધનમાં શ્રાવકશ્રાવિકાનું નામ આપવાનું કહેલ છે ?

ઉ૦—સાધુની વડીદીક્ષામાં દિગ્બંધનમાં આચાર્ય અને ઉપાધ્યાય એ બે નામ અને સાધ્વીની વડીદીક્ષામાં આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિની આ ત્રણ નામો આપવાનું શ્રીયતિજિતકલ્પાદિ સૂત્રોમાં છે.

## પ્રતિજ્ઞાપાત્ર જીવન.

:o:

આ પરિવર્ત્તનશાલિ સંસારમાં જીવનને નિયન્ત્રિત-પ્રતિજ્ઞાપાત્ર બનાવવાની મનુષ્યમાત્રની ફરજ છે. દરેકેદરેક કાર્યસિદ્ધિનો આધાર બહુધા તેવા જીવન ઉપરજ રહે છે, એમ માનવામાં કોઈ પણ જાતનો વાંધો જણાતો નથી. પ્રતિજ્ઞાવિનાનું જીવન તે સાચું માનવજીવન નથી એમ જેને લાગશે તેનો ઉદ્ધાર ટુંક સમયમાં છે એમ કહેવાને લેશમાત્ર પણ સંકોચાવાની જરૂર નથી. પ્રતિજ્ઞાની અવગણના કરનારાઓએ આ વાત ઉપર ખાસ ધ્યાન આપવા જેવું છે, કારણ કે—દુર્લભ માનવજીવનને છતી સામગ્રીએ તુચ્છ લાલસાઓની લાલચમાં લપટાઇને નિરર્થક કરી મૂકવું એ ડહાપણનું કામ નથી.

આજકાલ શરીરના સેવકોને સ્વેચ્છાચારીઓની માફક નિયંત્રણ-અંકુશ જોઇતો નથી. અંકુશને તેઓ પોતાના માથા ઉપરનું આચ્છાદન-રક્ષણ સમજવાને બદલે એક અત્યંત કષ્ટકારક બોજો સમજે છે. તેનેજ લઇને સ્વેચ્છાચારીઓની માફક તે શરીરના સેવકો પણ મનગમતી વસ્તુઓના મોહમાં ફસી તેના વિલાસી બની પોતાનું આત્મભાન ભૂલી અનિ-

યંત્રિત–પ્રતિજ્ઞાહીનજીવનને લઇને એવી એવી દશાઓનો અનુભવ કરે છે કે–જેની યથાર્થ ઝાંખી કરાવવી એ પણ એક અશક્ય વાત થઇ પડી છે.

શરીરસુખના અભિલાષીઓએ પણ સ્વેચ્છાચારીઓની માફક નિરંકુશ બનવા ઉદ્યુક્ત થવું તે તેમના શરીર સુખનું સાધક નથી પણ બાધક છે; તેઓએ સ્વેચ્છાચારીઓની માફક પોતાનીજ ઇચ્છાને અનુસરીને ચાલવું તે યોગ્ય નથી, એમ જો તેઓ પોતાના હિતચિન્તકોને અને એકાન્તે જો ક્ષણભર વિચાર કરીને પોતાના અંતરાત્માને પૂછશે તો જરૂર તેઓને પોતાના હિતચિન્તકો તેમજ પોતાના અંતરાત્મા તરફથી પણ તેવોજ પ્રત્યુત્તર મળશે એમ હું નિઃસંશય માનું છું.

શરીરની રક્ષામાંજ પોતાનું સર્વસ્વ માનનારાઓએ પણ ઉચ્છૃંખલોની ઉચ્છૃંખલ કલ્પનાઓ તરફ ધસવું જોઇતું નથી, તેમાં એકાંતે હાનિ માની તેનાથી તાકીદે પાછા હટવાની જરૂર છે. 'બસ પોતાની મરજી પ્રમાણેજ ચાલવું' 'બસ મનોભાવના જે દિશામાં લઈ જાય તે દિશામાંજ જવું' 'બસ અંતરના અવાજનેજ અનુસરવું' 'પોતાના વિચારોને અનુસારેજ વર્ત્તન ચલાવવું' 'પોતાની મરજીની મનોભાવનાની, અંતરાત્માની અને વિચાર-માળાની અવગણના કરવી એ તો એક મહાન્ આત્મઘાત છે.' આવું આવું બોલી તેઓ ઉન્માર્ગગામી બનવા સાથે અણસમજુ અને ભોળા દિલના માણસોનાં હૃદયોને ઘાયલ કરી એવાં તો વિપથગામિ બનાવી દે છે, કે જેને પુનઃ સુમાર્ગે આવતાં ઘણો સમય વ્યતીત થઈ જાય છે. તે ઉચ્છૃંખલોને ખબર નથી કે પોતાની મરજી એટલે શું? પોતાની મનોભાવના એટલે શું? પોતાનો અંતર અવાજ એટલે શું? અને પોતાના વિચારો એટલે શું? જેને પોતાનું ભાન નથી એટલે કે હું પોતે કોણ? તેની ખબર નથી, તેવી વ્યક્તિઓ પોતાની મરજીને, પોતાની મનોભાવનાને, પોતાના અંતરાત્માને અને પોતાની વિચારમાળાને શી રીતિએ પરખી શકશે. સ્વ અને પરના ભાનવિનાના જો આત્મહિત સાધી શકતા હોત તો પરોપકારરસિક પરમર્ષિઓ તે સ્વ અને પરના સ્વરૂપને સ્ફુટ કરવા માટે મહાન્ શાસ્ત્રોની રચના કદી પણ ન કરતે. દુઃખની વાત છે કે—તેવા સત્શાસ્ત્રોના પ્રણેતા પરમર્ષિઓને પણ તે પામરો પોતાની પરમગર્હણિય પ્રાસાદી આપ્યા શિવાય રહી શકતા નથી, માટેજ હિતૈ-ષીઓએ તેઓનાથી દૂર રહેવાની જરૂર છે.

શારીરિક સુખનો પણ અનુભવ કરવો હોય તો ઉપરોક્ત કારણોથી સ્વેચ્છાચારી યા સ્વેચ્છાચારીના સહચારી ન બની જતાં નિયન્ત્રિત–પ્રતિજ્ઞાપાલક બનવા તરફ લક્ષ આપો, પ્રતિજ્ઞા શબ્દથીજ ન કંપી ઉઠો, તેના નામ શ્રવણથીજ ન ભાગો, કિન્તુ તેના જ્ઞાતાઓ પાસે, તેનું યથાર્થ સ્વરૂપ સમજો અને સમજીને શક્તિના પ્રમાણમાં તેના પાલક બનો, તેમ કર-વાથીજ આત્માનો ઉદ્ધાર છે અને આ દુર્લભ માનવજીવનની સફળતા છે એવો આત્મ-નિશ્ચય કરો. પ્રતિજ્ઞાપાલક બનવા માટે તેમજ પ્રતિજ્ઞાના પ્રેમને પુષ્ટ બનાવવા માટે પ્રતિ-દિન પ્રતિજ્ઞાપ્રેમી અને પ્રતિજ્ઞાપાલકોનોજ સહવાસ શોધવા મારી ભલામણ છે, કારણ કે કાળના પ્રભાવે કહો કે આપણા કમભાગ્યે કહો, પણ આજકાલ દુનિયાના એશઆરામમાંજ આનંદ માનનારા કેટલાક ઉત્પન્ન થયા છે કે જેઓ એશઆરામથીજ આત્માનંદની પ્રાપ્તિ માની રહ્યા છે અને અજ્ઞાનીઓને મનાવી રહ્યા છે, પ્રતિજ્ઞાને તો તેઓ આત્મઘાતક માને છે. કોઇપણ જાતના નિયંત્રણવિનાજ મનને પોતાના આધીન બનાવવાની વાતો કરી રહ્યા છે, જેઓનું દરેકેદરેક વર્તન શરીરશુશ્રુષા અને મનને મોઝીલું રાખવા માટે થઇ રહ્યું છે,

લાલસાઓ-તૃષ્ણાઓ વધે છે તેની તો દરકારજ નથી, એવાઓના પાશમાં ન પડાય એ ખાસ સાચવવાનું છે, અન્યથા ઉદ્ધારની આશા વ્યર્થ છે એ ચોક્કસ માનશો.

પ્રતિજ્ઞા તેનુંજ નામ છે કે—જેના પાલનથી આ ભયાનક સંસારની અપરિમિત પરિવર્ત્તન પરંપરાનો પ્રલય થાય અને પોતાના સહજસ્વરૂપની પ્રાપ્તિથી સાચા આત્મિક-આનન્દની પ્રાપ્તિ થાય. જે પ્રતિજ્ઞા આત્મિકસુખની બાધક હોય તેને પરમર્ષિઓ પ્રતિજ્ઞા નહિ પરન્તુ એક પાષાણની ઉપમા આપે છે. ગળામાં પાષાણ લટકાવીને સમુદ્રમાં તરનારો તરી શકે નહિ પરન્તુ નીચે પાતાલમાંજ પહોંચે, એ વાત અજ્ઞાત હોય એમ માનવાને કારણ નથી.

માનવજીવન શાને માટે છે? શાસ્ત્રકાર મહાત્માઓ શા માટે માનવજીવનની દુર્લભતા અને ઉત્તમતા બતાવી રહ્યા છે? દેવજીવન કરતાં પણ માનવજીવનની ઉત્કૃષ્ટતા શા કારણથી? ઇત્યાદિ વિચારોએ જેના અંતરમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે, તેઓ જરૂર પ્રતિજ્ઞાપ્રેમી બનશે અને તેના સ્વરૂપને સમજવા યથોચિત પ્રયાસ કરશે. પ્રયાસ કરશે એટલુંજ નહિ પરન્તુ તેના પાલક બનવા માટે પણ અવશ્ય ઉદ્યુક્ત થશે એવી મારી માન્યતા છે.

આપણે જોયું કે—પ્રતિજ્ઞા, દુનિયાના વિલાસ માટે નહિ, મોજશોખ માટેની નહિ, વૈરની વસુલાત માટેની નહિ, શત્રુના સંહારને માટે નહિ, તેમજ પોતાના પ્રલાપની પ્રસિદ્ધિ યા સિદ્ધિ માટે નહિ, પરન્તુ આ પરિવર્ત્તનની પરમ્પરામાંથી છુટીને આત્મિકઆનન્દ માટેજ હોઈ શકે-દુનિયાના વિલાસમાટે, મોજશોખમાટે, વૈરની વસુલાતમાટે, શત્રુના સંહારને માટે, અથવા પોતાના પ્રલાપની પ્રસિદ્ધિ યા સિદ્ધિ માટે કરાયેલી પ્રતિજ્ઞા એ દુનિયાના પાશમાં સપડાવનાર વિષયવાસના, (કામ) રાગ, દ્વેષ, ભય અને અહંકાર-રૂપ આંતરશત્રુઓને વધારનાર હોઇ એકાન્તે આત્મઘાતક છે અને જો તેની પ્રતિજ્ઞાનો સ્વીકાર થાય, તો પછી જે પરિવર્ત્તનની પરમ્પરાના પાશને છેદીને આત્મિકઆનન્દ પ્રાપ્ત કરવાની અભિલાષા તે કોઇપણ કાળે સફળ થઈ શકેજ નહિ એ હકીકત તો સનાતન સિદ્ધછે.

પરિવર્ત્તનની પરમ્પરામાં સપડાયેલો આત્મા અનંતશક્તિનો સ્વામી છતાં કેવી પામર દશા ભોગવી રહ્યો છે, કેવો પરાધીન-પરતંત્ર બની રહ્યો છે? આ ખ્યાલ જો કહેવાતા સુધારકો-વિચારકોના અંતરમાં આવે તો હું નથીજ માની શકતો કે તેઓ યદ્વા તદ્વા પ્રલાપ માત્રથીજ પોતાની ઇષ્ટસિદ્ધ માની આત્મદ્રોહી બનવા જેવી હદે પણ પહોંચી જાય, તે ખ્યાલ જરૂર તેમના અંતરમાં કંઇક અવનવો પ્રકાશ પાડે, તેમના અંતરમાંપ્રવિષ્ટ થયેલી પામર ભાવનાઓનો જરૂર પ્રલય થાય, તેથી જરૂર તેઓ પોતાના આત્માને સર્વોત્તમ વસ્તુઓથી વંચિત રાખનાર જે જે વસ્તુઓ પોતાના આત્માને વળગીને રહી છે તેને ખસેડી નાંખી ક્રમે ક્રમે તે સર્વોત્તમ વસ્તુઓની પ્રાપ્તિદ્વારા પોતાની આત્મસિદ્ધિ કરી શકે. શોચનીય સ્થિતિ છે કે તેઓ તો પરિવર્ત્તનની પરમ્પરામાંજ આત્મિકઆનંદ નિહાળી રહ્યા છે, તેનીજ પ્રાપ્તિ, તેનુંજ સંરક્ષણ અને તેનીજ વૃદ્ધિ માટે અહર્નિશ આતુર હૃદય રહે છે ત્યાં શું ઉપાય?

ખરેખર તેવી દશામાંથી છુટવાનો ઉપાય જો કોઇપણ હોય તો ઉપર બતાવેલા ભાવવાળી પ્રતિજ્ઞા જ છે, એમાં જરા પણ સંશય નથી. આ અગાધ સંસારસાગરના પારને જો કોઈ પામ્યા હોય તો તે માત્ર એક પ્રતિજ્ઞાનાજ પ્રભાવે, પામે છે, તે પણ પ્રતિજ્ઞાનાજ પ્રભાવે અને આગામિકાળમાં પામશે તે પણ પ્રતિજ્ઞાના પ્રભાવે એ નિશ્ચિત છે.

મુ. રામવિજય.

# જૈન સાધુઓ અને અસહકાર.

(લખનાર—એક જૈન મુનિ.)

અસહકારની નવીન પ્રવૃત્તિએ જેમ આબાલગોપાલ તમામ ગ્રહસ્થોને ચોંકાવ્યા છે, તેમ સાધુઓ ઉપર તેની અસર અવશ્ય થઈ છે. ખાસ કરીને "આધી અકલમે ઔર સબ ડેઢ અકલમેહમ" એમ પોતાને દોઢડાહ્યા જાણનારા કેટલાક અસહકારીઓ સાધુઓ-ઉપર પણ વાકપ્રહારો કરવા મંડી ગયા છે કે—'તમે અસહકારી કેમ થતા નથી? તમે વિદેશીનો બહિષ્કાર કેમ કરતા નથી? વીગેરે વીગેરે.' બેશક જગતના પ્રવાહથી સાધુઓ બચવા પામે, એ નજ બની શકે. એમણે પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રમાણે વર્ત્તવાનું છે, પણ અસહકારના નામે આગળ વધતો જગતનો પ્રવાહ સાધુઓને માટે—ખાસ કરીને જૈન સાધુઓને માટે ક્યાં સુધી યોગ્ય છે, એનો પણ વિચાર કરવો જોઇએ છે. હું પોતે ગાંધી-જીના ગુણોનો પ્રશંસક હોવા છતાં અસહકારી ભાઇઓને-ખાસ કરીને ગાંધીજીને એટલો ખુલાસો પુછવાની રજા લઇશ કે-વર્ત્તમાન અસહકારીઓ અસહકાર કહે છે કોને? ખા-દીની ટોપી અને ખાદીનાં વસ્ત્રો પહેરવામાંજ શું અસહકારની 'ઇતીશ્રી' છે? ગમે તેવી ધાર્મિક, કેલવણી સંબંધી કે નીતિના પ્રચારની સભાઓમાં પણ ગાંધીજીનો અનુયાયી ન હોય, એવા કોઇપણ વક્તાને નહી બોલવા દેવો કે તેની પાછળ હુરરે કરવામાંજ અસહ-કારીપણું આવી જાય છે? અથવા શું વિદેશનો માલ, વિદેશની વસ્તુઓ અને છેવટે વિ-દેશી ચામડી પ્રત્યે ઘૃણા તિરસ્કારની દૃષ્ટીથી જોવું અને જેમ બને તેમ તેનો નાશ કરવા અને તેને નુકશાન પહોંચાડવાના ઉપાયો યોજવા, એમાંજ અસહકારનાં લક્ષણો સમાઇ જાય છે? મને તો લાગે છે કે 'અસહકાર'ની સાથે ભલે 'અહિંસાત્મક' એવું વિશેષણ આપવામાં આવતું હોય એમ લાગે છે, પરંતુ 'અસહકાર' શબ્દમાંજ એવું વીર્ય રહેલું છે કે જેના પ્રતાપે 'અહિંસાત્મક અસહકાર' 'અહિંસાત્મક અસહકાર'ના પોકારો કરવા છતાં પણ અસહકારીઓના અતઃકરણોમાં દ્વેષ, ઇર્ષ્યા, અમેળ અને તીરસ્કારની લાગણી-ઓ સ્ફુર્યા વીના પણ રહી શકતી નથી. બીજા અસહકારીઓ માટે એમ બચાવ કરવામાં આવે કે હજુ તેઓ તેટલી હદે પહોંચ્યા નથી, પરંતું ખુદ્દ ગાંધીજી જેવા સાધુ પુરૂષની સાધુ ભાષામાં પણ 'સેતાની સરકાર' 'રાવણી રાજ્ય' જેવા શબ્દો નીકળે, એ શું અ-ર્થસૂચક નથી? ગાંધીજી જેવા મહાત્મા પુરૂષના મુખમાં આવી મલીન ભાષા, કે જે ભાષા ગમે તેવા દુસ્મન પ્રત્યે વાપરવાની પણ નૈતીક અને ધર્મશાસ્ત્રકારો સર્વથા મના કરે છે, એવી ભાષા નીકળે એ કોનો પ્રતાપ? હું તો માનું છું કે—તે 'અસહકાર' શબ્દનોજ પ્રતાપ છે; કે જે પોતાના મન ઉપર અતિશય કાબુ રાખનાર મહાત્મા ઉપર પણ અસર કર્યા વિના રહ્યો નહિ. આ શબ્દમાં રહેલા વિષનોજ એ પ્રતાપ છે કે—'સેતાન' અને 'રાવણી રાજ્ય' જેવા શબ્દો બોલાવવા પુરતીજ ગાંધીજીની સ્થિતિ નહિ રાખી, પરંતુ આગળ વધીને દેશમાં કરોડો મનુષ્યો નગ્ન રહેવા અને ભુખે મરવા છતાં દેશની લાખોની મીલકતની હોળીઓ કરાવવાની પણ બુદ્ધિ બનાવી દીધી, તે પણ સામાન્ય આકારમાં નહિ;

દેશના એક મહાન્ નાયક જેને કરોડો મનુષ્યો પૂજ્ય બુદ્ધિથી જોતા આવ્યા છે તેના નામ પાછળ. અમારી દેશી ભાષામાં કહેવાય છે કે—જ્યારે એક માણસ બીજા માણસને એમ કહે કે–“ તારી પાછળ તો હોળી થશે ” અથવા એમ કહેવામાં આવે કે “ તેં તો તારા બાપની પાછળ હોળીજ કરીને ! ” ત્યારે તે મહાન્ અપશુકન અને અપમાન સમજવામાં આવે છે. અહિં તીલક મહારાજ જેવા મહાન્ પુરૂષની પાછળ હોળી ! ! સ્વરાજ્યની પ્રાપ્તિના માંગળીક કારણમાં હોળીજ હોય કે ! ! ! અને તે પણ પોતાનાંજ કપડાંની ? પોતાનાજ દ્રવ્યની ! ! ! અફસોસ ! ! ! આ બધો કોનો પ્રતાપ ? ‘ અસહકાર ’ શબ્દમાં રહેલા વિષનો, એ વિષેજ મનુષ્યોની બુદ્ધિને કુંઠિત બનાવી દીધી છે. એ વિષેજ મનુષ્યોના ડહાપણને પાગલ બનાવી દીધું છે. એ વિષેજ મનુષ્યને પોતાનું ભાન ભુલાવી દીધું છે. વાત પણ ઠીક છે. ‘ અસહકાર ’ શબ્દના શબ્દાર્થ ઉપર ધ્યાન આપીએ તો કોઇ પણ ‘ સાક્ષર ’ને કબુલ કરવું પડશે કે ‘ અસહકાર ’ શબ્દ બીલકુલ નહિ ઇચ્છવા યોગ્ય અસહ્ય છે. ‘ સહકાર ’ એ ‘ અમર ’નું નામ છે. અમર–આંબો–કેરી એ કળીયુગમાં ‘ અમૃત ’ ગણાય છે. સુતરાં ‘ અસહકાર ’ એ ‘ અમૃત ’નો વિરોધી—‘ વિષ ’જ હોય, બીજું કંઈ નહિ અને આવા ‘ વિષ ’ અર્થને સુચના કરનારા શબ્દ સાથે ગમે તેટલા ‘ અહિંસાત્મક ’ શબ્દો જોડવામાં આવે તો એ શું ? અસહકારીઓની પ્રવૃત્તિએ શું ‘ અસહકાર ’ શબ્દના અર્થની સાર્થકતા નથી કરી બતાવી ? હું ઉપર કહી ગયો તેમ ખુદ ગાંધીજી ઉપર પણ તેની અસર થઇ છે, તો પછી બીજાઓનું તો કહેવુંજ શું ? આવી રીતે જે અસહકાર રાગ–દ્વેષ વધારતો હોય, જે અસહકાર મનુષ્ય—મનુષ્ય પ્રત્યે પણ તિરસ્કારની બુદ્ધિ ઉત્પન્ન કરાવતો હોય, અને જે અસહકાર પૂજ્યોપ્રત્યેના વિનયભાવને નષ્ટ કરાવતો હોય, એવા અસહકારમાં જૈન સાધુઓ ન જોડાય, તો તેમાં નવાઇ જેવું અથવા અનુચિત શું છે ? આથી હું એમ કહેવા નથી માંગતો કે–જૈન સાધુઓ સર્વથા રાગદ્વેષરહિત છે. જૈન સાધુઓમાં પણ રાગ-દ્વેષ તો છેજ; પરંતુ જેઓ રાગ–દ્વેષને કમકરનારા મહાવીરના માર્ગને અનુસરનાર છે, મહાવીરના માર્ગે ચાલવાની જીજ્ઞાસા ધરાવનારા છે, તે સાધુઓ રાગ–દ્વેષને વધારનારા માર્ગમાં કેમ જોડાઈ શકે ? મહાવીરનો ઉપદેશ અને આચરણ એક હતું, મહાવીરે પ્રકાસ્યું છે કે–‘ જગતના તમામ જીવો પ્રત્યે મૈત્રિભાવ રાખો, તમારા કટ્ટા દુશ્મનનું પણ ખરાબ ન ઇચ્છો.’ તેજ વાત મહાવીરે કરી પણ બતાવી. મહાવીરને અસહ્ય ઉપસર્ગો કરનાર દેવતાપ્રત્યે તેમણે દ્વેષ કે તિરસ્કાર નજ બતાવ્યો. તેને ‘ સેતાન ’ કે ‘ રાવણ ’ નજ કહ્યો. મહાવીરની પાસે એટલી શક્તિ હતી કે એવા સંખ્યાબંધ દેવતાઓના ચુરેચુરા કરી શકે તેમ હતા, છતાં તે શક્તિનો ઉપયોગ નજ કર્યો, ઉલ્ટું તે બીચારો દુર્ગતિનો–પાપનો ભાગી થતો જોઇ મહાવીરને ભાવદયા ઉત્પન્ન થઇ અને તેમના નેત્રોમાં ઝળઝળીઆં આવ્યાં. મહાવીરને ચંડકૌશિક સર્પ ડસ્યો, છતાં તેના પ્રત્યે દ્વેષ કે તિરસ્કાર ન કરતાં મહાવીરે શાન્તિથી કહ્યું બુઝ બુઝ જ, ચંડકૌશિક ! અહા ! કેવી શાન્તિ ! દુશ્મનપ્રત્યે પણ કેવો ઉદાર ભાવ ! ! આવો ઉદાર ભાવ એજ સ્વરાજ્યનું પ્રથમ પગથીયું હોય, આવી સહનશિલતા એજ આત્મશુદ્ધિનો સરળ માર્ગ હોય, આત્મશુદ્ધિથી જેઓ સ્વરાજ લેવાની ઉદ્‌ઘોષણા કરતા હોય, તેમણે તો મહાવીરનુંજ અનુસરણ કરવું જોઇએ છે. આત્મશુદ્ધિદ્વારા–હૃદયની નિર્મળતાદ્વારા સ્વરાજ્ય પ્રાપ્તિ કરવાના પ્રયત્નમાં તિરસ્કાર, શેમ, શેમ, હોળી

અને 'સેતાન કે રાવણ'ના શબ્દપ્રયોગો તે હોય ? ત્યાં તો શાન્તિજ હોય, ત્યાં તો પ્રેમભાવજ હોય અને ત્યાં તો સહકારજ હોય–પાકેલી કેરીની મીઠાશજ હોય–અમૃતજ હોય. અમૃતથીજ સ્વરાજ અમૃત બને, વિષથી નહિ.

**એક બીજી દૃષ્ટિ**–હવે અસહકારનું એક બીજી દૃષ્ટિથી અવલોકન કરીએ. અસહકાર એટલે 'સહકાર નહિ.' સહકાર એટલે સહયોગ સહાનુભુતિ સહાયતા વગેરે. જ્યાં કોઇ પણ માર્ગમાં સહાનુભુતિ ન હોય, મળતાપણું ન હોય, ઉત્તેજન ન હોય, એનું નામ અસહકાર કહેવાય. 'સહાનુભુતિ' સહયોગ–સહાયતા ઉત્તેજન ન હોય, એનો અર્થ એ નથી કે–તેનાપ્રત્યે તિરસ્કાર કરવો, તિરસ્કારરહિત સહયોગ નહિ કરીને શાંતિપૂર્વક સ્વતંત્ર થવાનો પ્રયત્ન કરવો, એનું નામ પણ અસહકાર છે. બાહ્યદૃષ્ટિએ ગાંધીજી તરફથી આજ અસહકાર બતાવવામાં આવ્યો હતો અને આવે છે. આવો અસહકાર પહેલાં કોની સાથે કરવાનું કહેવામાં આવ્યું હતું ? 'સલ્તનત'ની સાથે. હવે અહીં એ વિચારવું જરૂરનું છે કે–સલ્તનતની સાથે અસહકાર કોણ કરે ? જેણે સહકાર કર્યો હોય તે, જ્યાં સહકારજ નથી ત્યાં અસહકારજ શાનો ? જે જૈન સાધુઓને અસહકાર કરવાનું કહેવામાં આવે છે, તેઓએ સલ્તનત સાથે સહકાર કર્યોજ નથી, તો પછી તેમનો અસહકાર કેવો ? તેમ છતાં કોઇ અપેક્ષાથી એમ કહેવામાં આવે કે–એક ઉચામાં ઉંચા અસહકારી કરતા પણ જૈન સાધુઓનો અસહકાર વધી જાય તેવો છે, તો તેમાં લગારે અતિશયોક્તિ જેવું નથી. ગમે તેવા અસહકારીએ સલ્તનતની સાથે અસહકાર કરેલો હોવા છતાં સલ્તનતને આધિન તેને રહેવુંજ પડે છે. ત્રણ રૂપીઆનો પગારદાર ચપરાસી આવીને કહે કે 'ચલો કલેક્ટર સાહબ બુલાતે હય,' તો તેણે ધોતિયું હાથમાં પકડી જવુંજ પડે. જૈન સાધુને ન કોઇ બોલાવવા આવે. કે ન તેમને ત્યાં જવું પડે. હા, મિત્રતાના દાવાથી કે ધર્મોપદેશ આપવાને તેઓ ગમે ત્યાં જાય અને જઇ શકે છે. સલ્તનતની સાથે અસહકાર કરવા છતાં તમામ અસહકારીઓને સલ્તનતની નોટો, ચેકો, બોન્ડો, અને તમામ પ્રકારના નાણાંનો ઉપયોગ કરવોજ પડે છે, તેનાથીજ કાર્ય ચલાવવુ પડે છે. જ્યારે જે જૈન સાધુઓને અસહકારી થવાનું કહેવામાં આવે છે, તેઓ તો ક્યારનાએ તેનાથી અસહકાર કરી બેઠા છે, તેનો ત્યાગ કરી બેઠા છે. જૈન સાધુઓ દ્રવ્યના વ્યવહારથી સર્વથા દુરજ હોય છે, વળી ગમે તેવા અસહકારીને પણ સલ્તનતના નિયમ પ્રમાણે ટેક્સ–વેરા–કર આપવોજ પડે છે, જ્યારે જૈન સાધુઓ તેનાથી પણ સર્વથા દુર છે. બતાવો કોઇપણ અસહકારી કરતાં જૈન સાધુઓનો અસહકાર વધી જાય તેવો છે કે નહીં ? હું તો કહીશ કે અમે તેવો ઉચામાં ઉંચો અસહકારી જૈન સાધુના અસહકારની બરાબરી કરી શકયો નથી અને કરી શકે તેમ પણ નથી. હા, એકવાત અવશ્ય છે. જૈન સાધુઓ કહેવાતા અસહકારીઓની માફક તિરસ્કારની લાગણીઓ ઉત્પન્ન કરાવતા નથી. જૈન સાધુઓ 'સેતાન' કે 'રાવણી રાજ્ય' કહેતા નથી, એ અપેક્ષાએ તેમને જો અસહકારી ન ગણવામાં આવતા હોય, તો તે એક જુદી વાત છે; પરન્તુ આવો અસહકાર તો જૈન સાધુઓ તો શું, પરન્તુ નીતિને સમજનાર કોઇપણ બુદ્ધિમાન્ પસંદ નજ કરી શકે. કોણ જાણે ગાંધીજી જેવા સાધુ પુરૂષ–સજ્જન પુરૂષ કેમ પસંદ કરતા હશે ?

હવે જુઓ વિદેશી ચીજો સાથેનો અસહકાર, તેમાં પણ જૈન સાધુઓ કોઇપણ

અસહકારીથી ઉતરે તેમ નથી; બલ્કે કહેવાતા અસહકારીઓ કરતાં જૈન સાધુઓ ઘણે દરજ્જે ઉંચા અસહકારી છે એમ કહેવામાં લગારે અત્યુક્તિ નથી. કહેવાતા અસહકારીઓ ગાંધીજી અને બીજા આગેવાનોસુદ્ધાં–રેલ, મોટર, સાઈકલ વિગરેને છોડી શકયા નથી, ત્યારે જૈન સાધુઓનો તેની સાથે લગારે સંબંધ નથી, જૈન સાધુઓ તે વાહનોથી સર્વથા દુરજ છે. આ શિવાય બીજી વ્યવહારોપયોગી એવી અનેક વસ્તુઓ છે કે તેનો ઉપયોગ કહેવાતા અસહકારીઓ કરતાજ રહે છે, જ્યારે જૈન સાધુઓ તેને લગાર પણ કામમાં લેતા નથી. અસહકારીઓને વિલાયતી અસ્ત્રા શિવાય નથીજ ચાલતું, જ્યારે જૈન સાધુઓના મસ્તકપર તે વસ્તુ અડતીજ નથી. જૈન સાધુઓ છ છ મહિના સુધી પોતાના વાળ વધારે છે, અને પછી તે વાળને પોતાની હાથે ખેંચીજ કાઢે છે, તેનું લુચનજ કરે છે, કહો કેવો ઉંચો અસહકાર. કહેવાતા અસહકારીઓને વિલાયતી સુગંધી પદાર્થો અને એવા બીજા અનેક પદાર્થો વીના નથી ચાલતું, ત્યારે જૈન સાધુઓ તે વસ્તુઓને નથીજ વાપરતા ( અપવાદીક કારણ શિવાય. )

આ ઉપરથી જોઇ શકાશે કે અસહકારીપણાનો દાવો કરવા છતાં તેજ અસહકારીઓદ્વારા વિલાયતને લાખો કરોડોનું ઉત્તેજન મળી રહ્યું છે, જ્યારે જૈન સાધુઓ, અસહકારી નહી કહેવરાવવા છતાં પોતાના નિમત્તે તેને ઉત્તેજન હજારમા હીસ્સે પણ નથી અપાવતા. હવે રહ્યાં કપડાં, અસહકારીઓની અસહકારીતા જો કોઇ વસ્તુમાં જોવાતી હોય, તો તે કપડામાંજ અને તે પણ ટોપીમાંજ જોવાય છે, તેમાં કદાચ સાધુઓમાં ન્યુનતા જોવાતી હોય તો તે વાત ખરી છે, કારણકે જૈન સાધુઓ ગાંધી ટોપી પહેરતા નથી એટલે કદાચ અસહકારીઓ દૃષ્ટિમાં તેઓ વધારે આવતા હોય તો ના નહીં, પરન્તુ એટલું સ્મરણમાં રાખવું જોઇએ કે સાધુઓને ટોપી, પાઘડી કે સાફો કંઇપણ માથે મુકવાનો અધીકાર નથી. સાધુઓને તો મસ્તક ખુલ્લુંજ રાખવાનું કહ્યું છે, એટલે સાધુઓ ગાંધી ટોપી ન ન પહેરે તો તેથી અસહકારી ભાઇઓના ગુન્હેગાર નથી. હવે બીજાં કપડાં તે પણ જો તપાસવા જઇએ તો વિદેશી કપડાં માત્ર ગણ્યાંગાંઠયાજ સાધુઓ પાસે જોવાય છે. પ્રથમ તો સાધુઓને વસ્ત્રોજ એટલાં રાખવાનાં છે કે જેટલાં પોતાના ખભા ઉપર ઉઠાવી શકે, પગે ચાલીને ગામાનુગામ વિહાર કરનારા સાધુઓ કપડાં કેટલાં રાખી શકે, તેમાં પણ બીછાવાનું વસ્ત્ર, ઓઢવાની કામલ, એ વિગેરે તો પ્રાય સ્વદેશીજ હોય છે. માત્ર ઘણાખરાઓ પાસે જે કંઇ વિદેશી વસ્ત્ર જોવાય છે તે કપડાં, પાગરણી અને ચોલપટો આ વસ્ત્રો પણ વિદેશીજ હોવાં જોઇએ એવો તેમનો આગ્રહ નથી હોતો. પોતાની ભિક્ષાવૃત્તિના નિયમ પ્રમાણે ગ્રહસ્થો જે વસ્ત્રો તેમને વહોરાવે છે, તે વસ્ત્રો તેઓ લેવા અત્યાર સુધી ગ્રહસ્થો વિદેશી વસ્ત્રો પહેરતા અને વીદેશી આપતા, હવે ગ્રહસ્થો સ્વદેશી પહેરે અને સ્વદેશી આપે તો સાધુઓને તેમાં ઇન્કાર હોયજ નહીં. સાધુઓના બીજા નિયમો કે થોડા પાણીમાં પોતાને હાથે કપડાં ધોવા. ગૌચરી પાણીમાં ચોકસ પનાનાં કપડાં જોઇએજ. એ વગેરે નિયમોની જાળવવાની અનુકુળતા પ્રાપ્ત થતાં સાધુઓ સ્વદેશી કપડાં પહેરેજ. અત્યારે જે લોકો સાધુઓ ઉપર એવા આક્ષેપો કરે છે કે સાધુઓને ‘ વિદેશી પકડાંપર મોહ છે ’ એ બીલકુલ હમ્બગપણુંજ છે. સાધુઓને મોહ શાનો ? જેનું માથું ઉઘાડું છે, પગ ઉઘાડા છે;

જેણે તેલ, અત્તર ઈત્યાદીનો ભોગ-વૈભવ ત્યાગ કરેલો છે અને જેઓ ઘરેઘરે ભિક્ષા માગી ઉદરનિર્વાહ કરી રહ્યા છે, એઓને વિદેશી કપડાંનો મોહ હોયજ શાનો ? શરીરની શોભાથી કંઈ તેમણે પુરતી કરવાની હતી કે જેથી વિદેશી કપડાંઉપર મોહ રાખે. વસ્તુસ્થિતિ સમજ્યા વિના એકાએક સાધુઓઉપર આક્ષેપો કરવા, પોતાનાથી હજારો દરજ્જે ઉચ્ચ ગુણોવાળા મહાત્માઓ ઉપર આક્ષેપો કરવા, એ પણ એક જાતની દૌર્ભાગ્યની નીશાની નહિ તો બીજું શું ?

ઉપરના તમામ વૃત્તાંતઉપરથી વાંચકો સહજ જોઇ શકશે કે-જે અપેક્ષાએ અસહકાર અગ્રાહ્ય છે તે અપેક્ષાએ જૈન સાધુઓ તેનાથી દુર રહે તો તે વ્યાજબીજ કરે છે; અને જે અપેક્ષાએ અસહકાર યોગ્ય છે તે અપેક્ષાએ જૈન સાધુઓ કોઇપણ અસહકારીથી આગળ વધેલા છે, બલ્કે જૈન સાધુઓની અપેક્ષાએ કહેવાતા અસહકારીઓ-ધોળી ટોપીવાળા અસહકારીઓ કંઇ પણ અસહકાર પાળી શકતા નથી. ટુંકામાં કહું તો જૈન સાધુઓ અસહકારથી કેમ જોડાતા નથી એવો આક્ષેપ કરનારા મહોટામાં મહોટી ભુલ કરે છે, અથવા તો તેઓ અસહકારના તત્ત્વને જ સમજ્યા નથી.

( પ્રજામિત્ર. )

---

# ખુલાસો.

તા. ૨૦-૧૧-૨૧ ના જૈન પત્રમાં મુનિરાજશ્રી કર્પૂરવિજયજીના બદલે સાણંદના મંગળદાસ બાલચંદે મારી ચેલેંજનો જવાબ આપવામાં કેવલ પ્રશ્નપરમ્પરાજ ઉભી કરી દીધી છે, તે ભાઇને ઉત્તર આપવાની કંઇજ જરૂર નથી એમ માનવા છતાં પણ જ્યાં સુધી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મારી ચેલેંજનો સ્વીકાર કરી પોતાની તરફથી થયેલા અસત્ય અને અઘટિત આક્ષેપો સિદ્ધ કરવા યા રદ કરવાની ઉદારતા ન દર્શાવે ત્યાં સુધી તે ભાઇને વચ્ચે ન ઘુસતાં ધીરજ ધરવા ભલામણ કરૂં છું. તે ભાઇને હું ખાત્રી આપું છું કે ઉપરોક્ત બે બાબતોમાંથી ગમે તે એક બાબતની ઉદારતા તે મુનિરાજ દર્શાવશે તે સમયે તમારો એક પણ પ્રશ્ન ઉભો નહિ રહી શકે અને તમારી મનોવાંછા જરૂર સફલ થશે.

* * * * * *

તેજ પત્રમાં પત્રના સારાંશ રૂપે જૈનપત્રના અધિપતિએ મારા 'હિતના માટે ભલામણ' આ નામના હેન્ડબીલના સમ્બન્ધમાં એટલું બધું અસંબદ્ધ લખાણ કરી દીધું છે કે તેનો ઉત્તર આપવો એ તદ્દન નિરર્થક છે. એ મહાભાગે મારી ઉપર મૂકવાનો આરોપ પોતાનાજ હાથે પોતાની ઉપર ખેંચી લઇ એક જાતનો અપકાર અને તેની સાથે ઉપકાર પણ કીધો છે એટલે હવે ઉપકારની ખાતર મારે કરવાનું તે થઈ ચૂક્યું તે છતાં પણ કેટલેક જરૂરી ખુલાસો મારે કરવો જોઇએ, એમ મને લાગે છે, અન્યથા કેટલેક ભ્રમ થવાની સંભાવના છે. એક તો ગાંધીજીની સાથે મારે કોઈપણ જાતનો વિચારભેદ થયોજ નથી, કારણ કે મારા વિષય તેમજ ગાંધીજીના વિષયને કોઇપણ જાતનો સંબદ્ધજ ન હતો. માત્ર ગયા વરસમાં

મારા અમદાવાદના ચોમાસામાં ભદ્રકાળીના ભોગને અંગે બનેલ બનાવને તેમની આગળ કાઇના તરફથી જુદાજ રૂપમાં મૂકવામાં આવેલો અને તેટલાજ ઉપરથી તેઓએ તદ્દન જુદીજ ચર્ચા ઉભી કરી દીધેલી, તેતું સમાધાન ઘણુંખરૂં તો તેજ વખતે આવી ગયેલું અને આ વખતે તેમના "ગયે વર્ષે ભદ્રકાળીને બકરાનો ભોગ આપતાં તે મંદિરના પૂજારીને મહાજનોએ અટકાવ્યો હતો અને તેની સમજુતી કરવામાં આવી હતી કે તેને મહાજનોએ દર વર્ષે રૂ. ૬૦૦ આપવા ને તે જે બીજી પૂજા કરવી હોય તે કરે, પણ બકરો ન ચઢાવે" આ લખાણુથી સંપૂર્ણ સમાધાન થઈ ચૂક્યું છે, છતાં પણ તે કારણે મારી ઉપર આક્ષેપ કરવાની જૈન પત્રકારે જે કોસેશ કરી છે, તે કેવલ અજ્ઞાનતા યા કંઈ બીજુંજ સૂચવે છે. બીજું ઉપરોક્ત હેન્ડબીલ કાઢવાનું કારણ પણ મારે આ સ્થાને સ્પષ્ટ કરી દેવું જોઇએ; કારણ કે તે સંબન્ધમાં ઘણા માણસોએ જુદી જુદી વાતો કરીને મારા તે હેન્ડબીલને કોઇ જુદુંજ રૂપ આપ્યું છે.—

ગાંધીજી તરફથી વિદેશી વસ્ત્રોની હોળી કરવાનો ઉપદેશ જ્યારથી શરૂ થયો છે ત્યારથી તેની સાથે 'પવિત્ર' શબ્દે પણ હોળીની સાથે સહકાર કર્યો છે. હોળીને એકવાર નહિ, ઘણીવાર પવિત્ર અને આત્મશુદ્ધિકર તરીકે તેઓએ ઓળખાવી છે. હું કબુલ કરૂંછું કે 'પવિત્ર' અને 'આત્મશુદ્ધિકર' આ શબ્દોનો હોળી સાથે ગાંધીજીના હસ્તે જે સહયોગ થતો હતો તે મને ઘણોજ ખટકતો હતો, કારણ કે તે સહયોગને હું નાપસંદ કરતો હતો અને હજુ પણ કરૂંજ છું. તે પછી એક જૈન ભાઈના પ્રશ્નનું સમાધાન કરતાં ગાંધીજીએ કરેલો "એક માણસને ભૂખે મરવા દેવો તેના કરતાં તેનો તુરત નાશ કરવો એ ઓછી હિંસા છે." આ તેમજ બીજાં પણ કેટલાક લખાણે મારા તે ખટકાને એકદમ વધારી દીધો. પરિણામે આંતરપ્રેરણાથી અને હિતની અભિલાષાથી મેં મારા વિચારોને હેન્ડબીલદ્વારા પ્રકાશમાં મૂકયા તે શિવાય બીજું કોઇપણ કારણ નથી. બસ આ સંબન્ધમાં મારો આજ ખુલાસો છે, આથી અધીક હું કંઇજ લખવા માગતો નથી, છતાં પણ મારા લેખના સંબંધમાં કોઇ પણ પૂછશે તેનો ઉત્તર આપવા અને મેં મારા લેખમાં ઉપસ્થિત કરેલા પ્રશ્નોનું કોઇ સમાધાન કરશે તો તેને સાંભળવા હું તૈયારજ છું.

મુ. રામવિજય.

*

## પ્રશ્નત્રયી.

( અનુસંધાન પુસ્તક ૧ લાના અંક ૮ ના પૃષ્ટ ૧૫૭ થી. )

સંસારમાં ડુબેલા આત્માનું સહાવસ્થાયી કાર્મણ શરીર સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુઓથી બનેલ છે અને તેઓ આત્માની સાથે સંયુક્ત થાય છે, તેના કારણો મુખ્યતાએ ચાર છે. સંસારમાં અનંત આત્માઓ અનંતા કાળમાં અનંતી ક્રિયાથી વિવિધ પરિણામના યોગે કર્મના પરમાણુઓ ગ્રહણ કરે છે. કયો જીવ કયા સમયમાં કયા કારણથી કર્મ બાંધે છે તે કેવળી ભગવાન્ સારી રીતે જોઇ શકે છે, પણ સામાન્ય રીતે બધાં કારણોનું વિવેચન કરવું તે અશક્ય થાય; છતાં પણ સર્વજ્ઞ પરમાત્માઓએ જણાવ્યું છે કે બધાં કારણો માત્ર

ચાર કારણોની શાખા છે, તે ચાર કારણો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. કારણોનો અનુક્રમ એટલો બધો ગંભીર છે કે તેનો ફેરફાર કરી શકાય તેમ નથી. તેનો અનુક્રમ ચૌદ ગુણસ્થાનને આધારે છે, અર્થાત્ પ્રથમ ગુણસ્થાનમાં વર્ત્તતા જીવને મુખ્યત્વે મિથ્યાત્વ પ્રધાન હોઈ જે કોઈ કર્મનો બન્ધ થાય છે તેમાં તે કારણરૂપ થાય છે, તે વખતે બીજાં ત્રણ કારણો છે ખરાં પણ તેઓ ગૌણ હોય છે. તેમજ જેમ જેમ ગુણસ્થાનોનો આગળ વિચાર કરીએ તેમ તેમ સ્પષ્ટ ભાસે છે કે અનુક્રમે ચાર કારણો પોતાની હદ સુધી પ્રધાનપણે વર્ત્તે છે, એટલે ગુણસ્થાનની શ્રેણિએ ચઢતાં પ્રથમનાં પ્રધાનપણે વર્ત્તતાં કારણો પણ અવિદ્યમાન થાય છે, જેવી રીતે ચૌદમા અયોગિ કેવળી ગુણસ્થાને વર્ત્તતા મહાત્માને ચારે કારણો અવિદ્યમાન હોય છે, કારણ યોગનો અભાવ હોવાથી કર્મનો બંધ પડતોજ નથી. જ્યાં ચરમ મુખ્ય કારણ 'યોગ' નથી તો પ્રથમના ત્રણ તો હોઇ શકેજ નહિ.

કર્મનો બંધ આત્માના પરિણામને આશ્રિત છે. આત્માના પરિણામ શુભ હોય તો પુણ્યપ્રકૃતિનો આશ્રવ થઈ બંધ થાય છે અને જો વિપરીત પરિણામ હોય તો પાપ પ્રકૃતિનો બંધ પડે છે. દરેક સમયે પરિણામોનું પરિવર્ત્તન થયાજ કરે છે. આ પરિવર્ત્તન મન વચન અને કાયાના યોગોપર આધાર રાખે છે અને મન, વચન અને કાયાના યોગો પૂર્વના સંસ્કારો તથા વર્ત્તમાન સંયોગોને આશ્રિત છે. અત્રે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે જો કર્મબન્ધની આ સ્થિતિ હોય તો પછી પ્રથમ વર્ણવેલ પ્રધાનપણે વર્ત્તતા મુખ્ય કારણોની ઉપયોગિતા ન્યૂનતાને પામે છે. આનો પ્રત્યુત્તર એજ છે કે પ્રધાનપણે વર્ત્તતું મુખ્ય કારણ પૂર્વના સંસ્કાર રૂપેજ છે. તે આત્માની સ્થિતિ એવી બનાવી રાખે છે કે વર્ત્તમાન સંયોગોમાંની અસર થતાં તરતજ પરિણામ, શુભ યા અશુભ, બને છે. જગતમાં વિશેષમાં વિશેષ કર્મબન્ધ કરાવનારૂં કારણ મિથ્યાત્વ છે, તેથી સમ્યગ્દષ્ટિ કરતાં મિથ્યાત્વીની સંખ્યા વધારે હોય તે સ્વાભાવિક છે. મિથ્યાત્વ આત્માની ભૂમિકા એવી અશુદ્ધ બનાવી રાખે છે કે વર્ત્તમાન સંયોગો સારા હોય તોપણ વિપરીતપણાને પામે છે અને અવશ્યે કરીને અશુભ પ્રકૃતિનોજ બન્ધ પડે.

કર્મ રૂપે પરિણમતા પુદ્ગલપરમાણુઓ આત્માની સાથે જેમ દૂધ અને પાણી ભળે છે તેવી રીતે સંશ્લિષ્ટ થાય છે. આ પ્રકારનો બન્ધ ચાર પ્રકારે છે, એટલું તો સત્યજ છે કે જ્યારે જ્યારે કર્મનો બન્ધ પડે છે ત્યારે આત્માના સહભાવી ગુણો શાન્ત હોય છે, અર્થાત્ તેઓની શક્તિઓ પ્રકટ હોતી નથી. આત્માની આવી સ્થિતિને આંગ્લભાષામાં 'Negative' કહે છે. આ સ્થિતિને લીધેજ આત્મા અન્ય દ્રવ્યના પરમાણુઓને ગ્રહણ કરે છે. ગ્રહણ કરવાને યોગ્ય થયેલી સ્થિતિને 'receptive' કહે છે. બન્ધના ચાર પ્રકાર આ પ્રમાણે છે. (૧) પ્રકૃતિબન્ધ, (૨) સ્થિતિબંધ, (૩) અનુભાગબંધ અને (૪) પ્રદેશબન્ધ. પ્રથમ તો બન્ધમાં પડેલ પુદ્ગલપરમાણુઓ કયા સ્વભાવના છે, ઘાતી છે કે અઘાતી, તેમાં પણ કયા ભેદ, પ્રભેદની શાખા પ્રશાખા છે, તે પ્રકૃતિબન્ધ, બીજું કાર્મણશરીર રૂપે વળગેલ પરમાણુઓ કેટલી સ્થિતિ સુધી આત્માના પ્રદેશો સાથે રહેશે, આ ઉપરથી નિશ્ચય થાય છે કે કોઇપણ કર્મ અન્ત સિવાયનું હોતું નથી. અમુક નિર્માણ થએલ સ્થિતિ સુધી રહી તે કર્મ છુટું પડી જાય છે. ત્રીજું તે કર્મનો રસ કેવો છે કયાં તો તીવ્ર છે કે મૃદુ અને ચોથું તે કર્મનાં દળીઆં કેટલા પરિમાણનાં છે તે પ્રદેશબન્ધ છે.

કર્મના સામાન્ય રીતે મુખ્ય બે ભેદ દર્શાવવામાં આવ્યા છે. (૧) ઘાતી (૨) અઘાતી, આ ભેદ કર્મના સ્વભાવના આધારે છે. કેટલાક કર્મો, એવા પ્રકારના હોય છે કે તેઓ આત્માના અંતરંગ યાને સ્વભાવભૂત ગુણોનું આવરણ કરે છે. અર્થાત્ જે ગુણોની પ્રકટાવસ્થા તેજ પરમ સુખ છે તેને આચ્છાદન કરે છે અને યાવત્ આચ્છાદન રહે ત્યાં સુધી આત્માના મૂળ સ્વભાવનો ઘાત થયો એમજ કહેવાય. બીજાં કેટલાંક કર્મો એવાં છે કે જે આત્માના મૂળ ગુણોને કોઇપણ જાતની હરકત કરતા નથી, પણ જ્યાં સુધી તે કર્મો ન ખપી જાય ત્યાં સુધી તે આત્માને સંસારમાં રહેવું જ પડે છે.

દરેક ભેદમાં કર્મના ચાર ચાર પ્રભેદો મુકવામાં આવેલ છે, અર્થાત્ કર્મના બીજી રીતે આઠ ભેદ પાડવામાં આવ્યા છે, તે આ પ્રમાણે છે, (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) મોહનીય, (૪) અન્તરાય, (૫) નામ, (૬) ગોત્ર, (૭) આયુ, (૮) વેદનીય. પ્રથમના ચાર ભેદો 'ઘાતી' કર્મ કહેવાય છે અને બાકીના ચારને 'અઘાતી'ની સંજ્ઞા આપવામાં આવેલ છે.

આ આઠ કર્મના પણ બીજા કેટલાક પેટાવિભાગો છે. તેનું વિવેચન આગળ કરીશું.

લેખક-**અમૃતલાલ બાપુલાલ કાપડીઆ બી. એ.**

# મિત્રતાનો નમુનો.

—:૦:—

## સમાગમ અને સંવાદ.

રસિકચંદ્ર નામનો એક સોળ વર્ષનો યુવક પોતાના નગરની બહાર આવેલા એક મેદાનમાં આત્મચિન્તનની ધુનમાં વિચરતો હતો. તેની મુખાકૃતિ ઉપરથી સહજ અનુમાન થઈ જતું કે આ યુવક તામસી કે રાજસી પ્રકૃતિનો ઉપાસક નથી પણ સાત્વિક પ્રકૃતિનોજ ઉપાસક છે અને હતું પણ તેમજ. સંસારના ભોગવિલાસો કે જે ભવાભિનંદી આત્માઓને એક ક્ષણવારમાં મોહમુગ્ધ બનાવી દે છે તેનાથી તે યુવક સર્વથા ઉદાસીનભાવેજ રહેતો. ધર્મયોગથી વંચિત દુનિયાને તે કંગાલ અને દરિદ્ર માનતો. અર્થશૂન્ય પણ ધર્મભાવનામાં રક્ત મનુષ્યને તે મોટામાં મોટો અમીર અને તવંગર સમજતો. તેવાઓ પ્રત્યે સમાનધર્મિને લાયક માન અને વહાલ તેનામાં ઉપજતું. પોતાના હિતમાર્ગમાં સહાયભૂત થઇ શકે તેવા આત્માઓનેજ તે પોતાના સ્નેહી કે હિતસ્વી તરીકે લેખતો. તેનો સહવાસજ પ્રાયઃ સમાન-ધર્મિઓની સાથે રહેતો, કારણકે પોતાના સમ્યક્ત્વની રક્ષા કે શુદ્ધિ તે તેમાંજ સમજતો. તેનું તાનજ મુખ્યત્વે સમ્યગ્જ્ઞાન અને ક્રિયાયોગમાંજ લાગેલું રહેતું.

તે યુવકને મેદાનમાં આવે કંઇ લાંબો સમય તો થયો નથી એટલામાંજ એકદમ તેના કર્ણયુગલમાં 'વાંકડી કર્મની ગતિ જાય ન કહી' આ અનુપમ કડી આવીને અથડાઇ. ગાયકના માધુર્યભરેલા કંઠમાંથી નીકળેલી આવી ભાવસૂચક કડીએ તેના અંતરને આનંદ રસથી ભરી દીધું. એટલાજ ચરણુથી તેના મનોરાજ્યમાં કંઈ જુદાજ પ્રકારની

વિચારમાળા ઉદ્‌ભવી. વિચારશ્રેણિએ એકાગ્રધ્યાને ચઢતા તે યુવકની આગળ ચારે દિશાથી નજરે પડતાં મનમોહક દૃશ્યો ' આંધળા આગળ આરસી ' નો દેખાવ ધારણ કરતાં હતાં. પદાર્થોનું સંપૂર્ણ જ્ઞાન તો તેનામાં ન હતું તથાપિ અરિહંતદેવોપદિષ્ટ તત્ત્વોના અવાર-નવાર શ્રવણથી થયેલો સામાન્ય બોધ વસ્તુસ્વરૂપનો યથાર્થ ખ્યાલ સામાન્ય રીતિએ તેને કરાવી શકતો. કર્મની વિચિત્ર ગતિ તે યુવકના અંતરમાં સ્ફુરાયમાન થઈ-આનો આ આત્મા કર્મબળે એકવાર ચક્રવર્તિ બની છખંડ ધરાનું સ્વામિત્વ ભોગવે છે, તો બીજી વાર નરકની અસહ્ય વેદનાઓનો અનુભવ કરે છે. એકવાર પિતા અથવા પતિ અગર નરેશ બની જવાનું ભાગ્ય સંપાદન કરે છે, તો બીજીવાર તેને પુત્ર અગર ભાર્યા કે કિંકરવૃત્તિનો સ્વીકાર કરવો પડે છે. આહા ? કર્મવિવશ આત્માને ક્રોધના આવેશમાં, અભિમાનના ચડસમાં, માયાના પાશમાં, લોભના લંગરમાં, મત્સરના માત્સર્યમાં, ઇર્ષ્યાની જ્વાળામાં, રાગના રંગમાં, દ્વેષની દુષ્ટતામાં, મોહના ફાંસામાં અને વેદોદયના વિલાસમાં ફસતાં કયાં વિલંબ લાગે છે ? આ કર્મવિવશ આત્માને સંસારવ્યવહારના ઘુંચળામાં કેવો આનંદ આવે છે? ખાવામાં અને પીવામાં, ફરવામાં અને હરવામાં, પહેરવામાં અને ઓઢવામાં કેવો મશ્ગુલ થઈ જાય છે ! કર્મવિવશ આત્મા દુનિયાના પ્રસંગોમાં ઘડીમાં હર્ષઘેલો તો ઘડીમાં શોકઘેલો, ઘડીમાં નાચતોકુદતો તો ઘડીમાં ભૂમિ ઉપર પછાડા ખાતો દૃષ્ટિપથમાં ક્યાં ઉપસ્થિત નથી થતો ! કર્મપરતંત્ર આત્માઓને અહર્નિશ સાંપડતા ઇષ્ટાનિષ્ટ સંયોગોનો વિચાર હું કેટલો કરૂં ? આ ભૂલભૂલામણીમાં ( સંસારમાં ) અમે ક્યારના ભમીએ છીએ તેનો તો કંઈ પત્તોજ નથી લાગતો. જો આ વખતે મ્હારો પ્રિયમિત્ર ' જિનદાસ ' અત્રે હાજર હોત તો તે મને કર્મના વિષયમાં ઘણું ઘણું સમજાવત. તેને આવવાનો સમય તો થઇ ગયો છે તે છતાં આજે હજુ સુધી પણ કેમ દેખાતો નથી. કદાચ પ્રથમથીજ અત્રે આવ્યો હોય અને પાસેના વૃક્ષમંડપમાં ફરતો હોય તો જરાક આજુબાજુમાં તપાસ તો કરૂં અને આવ્યો હોય તો ધર્મકથા કરી સાંભળેલી કડીનું રહસ્ય સમજવા કર્મવિષયમાં કેટલીક વાતોનું જ્ઞાન તેની પાસેથી મેળવું.

રસિકચંદ્ર સામે દેખાતી કુદરતી વૃક્ષોના કુંજમાં પેઠો અને જોયું તો પોતાનાજ પ્રિયમિત્ર ' જિનદાસ ' ને ચોખ્ખી-ઘાસ વિગેરે શિવાયની એક કોરી જમીનના ટુકડા ઉપર બેઠેલો જોયો. જિનદાસ પણ પોતાના પ્રિયમિત્રને દેખીને એકદમ ઉભો થયો અને સામે આવ્યો. બન્ને મિત્રોએ સામસામા ' જયજિનેંદ્ર ' શબ્દનો ઉચ્ચાર કર્યો અને ભેગા થયા. તે બન્ને મિત્રો તે ઘીચ ઝાડીમાંથી બહાર નીકળી ખુલ્લી જમીન ઉપર બનાવેલા એક ચુનાગચ્ચીના ચોરા ઉપર જઇને બેઠા.

જિનદાસ—પ્રિય રસિકચંદ્ર ! કેમ આજે પ્રતિક્રમણ નથી કરવું ? અવસર થવા આવ્યો છે, ચાલો ! આપણે સત્વર જોઇએ.

રસિકચંદ્ર—ભાઈ પ્રતિક્રમણમાં પ્રશ્નજ શો ? પ્રતિક્રમણ કર્યા શિવાય તો આપણને ચાલેજ કેમ ? ઉપવાસ વિગેરે તપ કરીએ છીએ ત્યારે ભોજન વિગેરે શિવાય પણ ચલાવી લેવાય છે, પણ આપણી આ ક્રિયા તો આવશ્યક છે તેના શિવાય તો ચાલેજ કેમ ? એ

તો અવશ્ય કરવીજ જોઇએ, કારણ કે ઉભયકાલ એટલે સાંજ અને સવારની આ ક્રિયાના આસેવનથી તેનો આસેવક, દવા કરાવાયેલા દરદીની માફક, તેમજ ભાર ઉતારી હલકા કરેલા, લાંબી મજલ કરાવાયેલા અને બોજાથી લાદેલા મજુર અથવા પશુની જેમ હમ્મેશાં કર્મરોગ અને આધિ, વ્યાધિ તેમજ ઉપાધિના અમાપ બોજાથી હલકો થાય છે. આવી ઉત્તમ ક્રિયા સાથે નકારને સ્થાનજ શા માટે આપીએ ? જે વસ્તુ આપણી નથી, આપણી સાથે આવવાની નથી, આપણો અને તેનો સમ્બન્ધ કેવલ કૃત્રિમ છે, તેને સાફસુફ રાખવામાં, તેની સંભાળ લેવામાં અને તેને ઓછું ન પડવા દેવામાં, અરે તેની ઉપાસના કરવામાંજ આપણો બધો સમય જોતજોતામાં ચાલ્યો જાય છે, તેમાંથી આપણા પોતાનાજ આત્માની શુદ્ધિ માટે આપણા ઉપકારી પુરૂષોએ આપણા માટે નિયત કરી આપેલા સમયનો શા માટે આપણે સદુપયોગ ન કરીએ ? ભાઈ જિનદાસ! આપણા ઉપકારી પુરૂષોએ આપણા જેવાના ઉદ્ધાર માટે પણ કેવી મઝાની યોજના કરી છે ? આપણી તે આવશ્યકક્રિયામાં આવતાં સૂત્રો કેવાં ગંભીર અને ભાવપૂર્ણ છે ! તેનું જો સંપૂર્ણ રહસ્ય સમજાઇ જાય તો તો પૂછવુંજ શું ? તેના ઉચ્ચાર માત્રમાં પણ આપણા મલિન આત્માને વિશુદ્ધ કરવાની તાકાત વર્ણવી જાય તેમ નથી.

જિનદાસ—ભાઇ રસિકચંદ્ર ! આવી આપણી સર્વોત્તમ આવશ્યકક્રિયા ઉપર અને તેમાં આવતાં અનુપમ સૂત્રોઉપર પણ ભવાભિનંદી આત્માઓ અનુચિત આક્ષેપો કરે છે. ખરેખર એ બિચારાઓ ઉપર મને તો માત્ર અનુકંપાજ ઉત્પન્ન થાય છે. મારા ધારવા પ્રમાણે જેટલો સમય તેઓ આવા આક્ષેપો કરવામાં ગુમાવે છે, તેટલો સમય જો તેઓ એ વસ્તુને સમજવા માટે કોઇ સદ્દગુરૂની ઉપાસના કરે, તો એવા પાપકર્મથી તે બચી જાય અને પોતાની ઉન્નતિનો સન્માર્ગ તેઓના હાથમાં આવે અને જો તેમ થાય તો તેઓ પોતાનું આત્મહિત કરવા સાથે અન્યઉપર પણ ઉપકાર કરી શકે, પણ ભાઈ! સદ્દભાગ્યશિવાય તેવી ઇચ્છા તેઓના અંતરમાં શી રીતિએ ઉત્પન્ન થાય ?

રસિકચંદ્ર—ભાઈ જિનદાસ ! સાચુંજ છે કે પૂર્ણ ભાગ્યોદયશિવાય તેવી શુભ ભાવના થવી એ અશક્યજ છે. તેઓને નથી કરવી સદ્દગુરૂની ઉપાસના કે નથી કરવું સતશાસ્ત્રોનું શ્રવણ, તે વિના તેઓ કઈ રીતિએ વસ્તુસ્થિતિને ઓળખતા થઈ શકે ? અને એ તો ખરૂંજ છે કે જ્યાં સુધી વસ્તુસ્થિતિ ન ઓળખાય ત્યાં સુધી તેઓની મતિ સત્યનું શોધન શા આધારે કરી શકે ?

જિનદાસ—પ્રિયમિત્ર ! તેઓ વાંચે તો ઘણું છે, પરન્તુ તેમનું વાંચન કોઈ વિલક્ષણ પ્રકારનું હોય છે. સ્વાતંત્ર્યભાવનાની અસર સર્વત્ર થઇ ચૂકી છે. વીસમીસદીનું સ્વાતંત્ર્ય પણ મનુષ્યને કોઈ જુદીજ દિશામાં ખેંચી જાય છે. ભાઈ ! જો આ સ્વાતંત્ર્ય ચિરસ્થાયી થઈ જાય તો મારી ધારણા પ્રમાણે તો ' ઉન્નતિ ' શબ્દને પણ ભૂંસાયી થવાનો સમય આવી લાગે, કારણ કે સ્વાતંત્ર્યના ઉપાસકોએ હવે શાસ્ત્રોનું લક્ષણ પણ જુદુંજ બાંધ્યું છે. તેઓ કહે છે કે જે વાતને આપણું અંતર માન્ય કરે તેવી વાત જેમાં હોય તેજ આપણા

માટે શાસ્ત્ર પણ બીજું નહિ. ભાઈ ! આ વિષય ઉપર આપણે ઘણીજ વાતો કરવાની છે, પરન્તુ હવે આપણે આવશ્યકક્રિયા કરવાની થઇ ગયો છે માટે ચાલો આપણે સત્ત્વર જઇએ અને આપણા આત્મશોધનના કાર્યમાં પ્રવૃત્ત થઇએ.

રસિકચંદ્ર—હા ભાઇ ! ઉઠો અને ચાલો અવસર થઇ ગયો, મારે તો આજે કર્મના વિષયમાં ઘણું પૂછવાનું હતું પણ હવે વળી અવસરે વાત.

અપૂર્ણ.

( લે. ખુશાલચંદ. )

# જૈન ધર્મની મહત્તા.

## નીતિના નિયમો.

( અનુસંધાન પુ. ૬ ઠ્ઠાના અંક ૧૨ ના પૃષ્ઠ ૨૩૮ થી. )

બાલુભાઇ ! તમે ચોત્રીશમો નિયમ સમજાવી શકશો કે ?

બાલુભાઇ—**અંતરંગ શત્રુઓનો ત્યાગ**-કામ, ક્રોધ, માન, લોભ, મદ અને હર્ષ એ છ અંતરગ શત્રુઓ છે. જ્ઞાનથી વિચારતાં આ શત્રુઓ વ્યવહાર તથા પરમાર્થના કાર્યમાં વિઘ્નમય હોઇ ત્યાગવા યોગ્ય છે, પણ તેવો અપૂર્વ ત્યાગ તો માત્ર ત્યાગીઓજ કરી શકે. જ્યારે ગ્રહસ્થને માત્ર તે શત્રુઓ પર વિજય મેળવવાનો છે; એટલે કે આપણે તે શત્રુઓને વશ ન થતાં આપણે તેમને વશ કરવા અથવા કાબુમાં રાખવાના છે. ટુંકામાં તેમને યુક્તિપૂર્વક, મર્યાદાસર આશ્રય આપવો. કામથી મોટાઈ, પંડિતતા, ડહાપણ, કુલીનતા, વિવેક આદિ ગુણો નાશ થવા ઉપરાંત શરીરનો નાશ અને ખરાબ કર્મ ઉપાર્જન થાય છે, તેથી ગ્રહસ્થે પોતાની સ્ત્રીમાં સંતોષ માની કામ ઉપર વિજય કરવો. વગર વિચારે બોલવાથી કે કાર્ય કરવાથી પોતાને કે બીજાને ક્રોધ થાય તે ક્રોધ વિનયનો નાશ કરનાર, સંતાપ અને ઉદ્વેગ ઉત્પન્ન કરી અસભ્ય અને અસત્ય બોલાવી મિત્રતા તોડાવનાર, ક્લેશ વધારનાર અને કીર્તિ આદિનો નાશ કરાવનાર ક્રોધ છે.-બીજાને આઘાત ન થાય તેવી રીતનો ક્રોધનો ઉપયોગ તે ક્રોધ ઉપર વિજય કરવો તે છે. હિતશિક્ષા યુક્તિપૂર્વક સમજાવતાં છતાં દુરાગ્રહ ન મુકી સત્ય વચનનો અનાદર તે માન છે. પોતાનું વચન સિદ્ધ કરવા અર્થે છળકપટ, પ્રપંચ આદિ કરવા ઉપરાંત તેથી ઉપકાર ભૂલાવીને ક્રોધમાં પણ ઉતારે છે, અને તેમ થતાં અનર્થક સાહસ કરતાં જીવ વાર નથી લગાડતો, માટે સિદ્ધ થએલાં હિત વચન કે સત્યનો સ્વીકાર કરવો તે માન ઉપરનો વિજય છે. માત્ર ધનનો સંચય કરી દાન યોગ્ય જીવને દાન નહિ આપવું તે લોભ છે. લોભના પોષણ અર્થે અન્યાય, પ્રપંચ, દગો, છેતરવું, હેરાન કરવું આદિ દુર્ગુણો દાખલ થાય છે. ધન ચંચળ અને નાશવંત છે તેનો યથાશક્તિ યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઇએ. વિશેષમાં લોભી જીવ નીચની શ્લાઘા કરનાર, અછતા ગુણ ગાનાર, છતા અવગુણ ન જોનાર, શત્રુની સ્તુતિ કરનાર, અકૃતજ્ઞની સેવા કરનાર બનવા ઉપરાંત ધનનો વ્યય થવાની બીકથી મિત્રોથી દૂર રહેનાર; ધર્મ, જ્ઞાતિ, દેશનાં શુભ કાર્યોમાં પણ ભાગ ન લેનાર બને છે. દ્રવ્યનો સદુપયોગ કરવો અને પારકું

દ્રવ્ય ન લેવું તે લોભનો વિજય છે. કુળ, બળ, ઐશ્વર્ય, સંપત્તિ, રૂપ, વિદ્યા, જાતિ અને યૌવન આદિનો અહંકાર તે મદ છે; અન્યને પીડા કરવી અગર ઉચ્ચસ્થિતિથી નીચે પાડવો તે પણ મદજ છે. જેનો જેનો મદ કરવામાં આવે તેતે વસ્તુથી રહિત જીવ થાય છે. ક્ષુદ્ર કાર્યોથી પણ મદ ન કરવો. કોઇપણ બાબતનું અભિમાન ન કરતાં સમાન દૃષ્ટિ રાખવી તે મદ ઉપર વિજય છે. નિમિત્ત વગર કોઇને દુઃખ આપી કે અનર્થ કરી ખુશી થવું તે હર્ષ છે. રૌદ્રવિચારી જીવોજ અનર્થના કાર્યમાં આનંદ માનનાર હોઇ શકે. બુરાં કામ કરનાર અને તેથી ખુશ થનાર રૌદ્રધ્યાની હોઈ નરકગતિ પામનાર જીવ પ્રાયઃ હોય છે; જ્યારે ઉત્તમ જીવ અન્યને સુખ કે તેની સગવડ આપી હર્ષ પામે છે. અનર્થ કરી આનંદ નહિ માનતાં અન્ય જીવને તેને સુખ થાય તેવી મદદ આપી હર્ષ પામવો તે હર્ષ ઉપર વિજય છે.

ચંપકલાલ—આ ૭ અંતરંગ શત્રુઓ પર વિજય મેળવતો જીવ તે શત્રુઓનો ત્યાગ સહેલાઇથી કરી શકે છે અને તેમ થતાં અધ્યાત્મમાર્ગમાં સહેલાઇથી આગળ વધી શકાય. જયન્તલાલ ! તમે છેલ્લો નિયમ કહો !

જયન્તલાલ—ઇંદ્રિયોવશરાખવી તે છેલ્લો પાંત્રીશમો નિયમ છે. ઇંદ્રિયોના પ્રબળ વિકારને વશ થઇ અનર્થકારક ઇંદ્રિયોના વિષયોની પ્રાપ્તિ અર્થે પ્રવૃતિ ન કરવી; પણ ઇંદ્રિયોના વિકારોને મર્યાદામાં લાવી રાખવા તે ઇંદ્રિયનિરોધ છે. ઇંદ્રિયોની પાસે આવેલા વિષયોનો અનુભવ તો તે લેશેજ, પણ તે વિષયોની પ્રાપ્તિ કે ઉપભોગથી અનુકુળ વિષયોમાં અનુરાગ અને પ્રતિકુળ વિષયો તરફ દ્વેષબુદ્ધિ આદિરૂપ રાગદ્વેષનો ત્યાગ જીવના પોતાનાજ હાથમાં છે અને તેમ કરવું તે ઇંદ્રિયનિરોધ ઇંદ્રિયો વશ રાખવી તે છે. શક્તિનો સર્વ વ્યય ઇંદ્રિયોની વિષયપ્રાપ્તિમાં કરનાર જીવનું બળ ઘટે છે; અને તે વિષયો વારંવાર ભોગવ્યા છતાં તે તરફ અભિલાષા વધ્યાજ કરે છે, માટેજ અગ્નિમાં વધુ લાકડાંને અગ્નિને પ્રદિપ્ત કરે છે તેમ આ છે તે ખુબ યાદ રાખવું. તેથીજ ઈંદ્રિય સુખની ઓછાશ કરતા થવું કે જેથી ઈંદ્રિયો વશ રાખી શકાય.

ચંપકલાલ—વળી ઇંદ્રિયોને કાબુમાં ન રાખવી તે આપત્તિ અને દુઃખને આમંત્રવા જેવું છે, જ્યારે ઈંદ્રિયોને વશ રાખવી તે સર્વ સંપત્તિનો માર્ગ છે. વિશેષમાં યાદ રાખવું કે શરીર રથ છે; ઇંદ્રિયો ઘોડા છે, અંતઃકરણ સારથી છે; આત્મા અંદર બેઠેલો માલીક છે. જો રથના ઘોડાને વશ ન રાખતાં તેને ઉન્માર્ગે વહન કરવા દઇએ તો તે રથનો તથા અંદર બેઠેલા માલીકનો જેમ તે નાશ કરે છે તેમ ઈંદ્રિયોને કાબુમાં ન રાખીએ તો તેથી શરીર અને આત્મા પતીત થાય છે માટેજ ઇંદ્રિયોને કાબુમાં રાખવી.

રસિકલાલ—ચંપકલાલ ! તમારા કહ્યા મુજબ આ પાંત્રીસ નિયમોની તો સમજ પડી. વધારામાં તમે જે ચાર અત્યુત્તમ ભાવનાઓનું વિવેચન કરેલું તેનો આની સાથે કાંઈ વિશેષ સંબંધ છે કે ?

ચંપકલાલ—આથી વિશેષ તો હું શું કહી શકું ? ગુરૂ પાસેથી વિશેષ જાણવા જીજ્ઞાસા હોય તો જાણી શકાય. આની સમાલોચના કરતાં મારી મતિ અનુસાર આ નિયમોને આપણી અત્યુત્કૃષ્ટ ચાર ભાવનાનો સંબંધ ટુંકમાંજ કહુ છું. પ્રથમ તો નિયમ નં. ૧, ૩, ૫, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૨૨, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦ આ સર્વે આત્મ-

શુદ્ધિ અર્થે તેમજ વ્યવહારની સરળતા અને આબરૂ અર્થે છે; નિયમ નં. ૧૬, ૧૭ દરેક જીવને પોતાના **સ્વાર્થ અંગે અને** આરોગ્યતા અર્થે છે, જ્યારે નિયમ નં. ૬ **માધ્યસ્થ** દશામાં દોરાવાનું શીખવી નિયમ નં. ૨૦ કદાગ્રહનો ત્યાગ બતાવી નિયમ નં. ૪ માં પાપથી ડરવું શીખવી પાપનો ત્યાગ ઉપદેશે છે. આ પ્રમાણે ગુણાનુરાગમાં પાછા ન પડી જવાય તે અર્થે નિયમ નં. ૧૫ ધર્મશ્રવણ અને નિયમ નં. ૧૦ ધર્મ, **અર્થ** અને કામ એ ત્રણે વર્ગનું સેવન પરસ્પર બાધા ન આવે તે રીતે કરવું તે છે. આમ ધર્મશ્રવણથી જીવનની વૃત્તિ **કારૂણ્યમય** બનતાં જીવ સેવા અને **પરોપકાર** તરફ વળે છે; અને તેની **પુષ્ટિ** અર્થે નિયમ નં. ૧૯, ૨૪, ૩૧ અને ૩૩ આપેલા છે. વિશેષમાં આત્માની ઉન્નતિ અર્થે નિયમ નં. ૨૭ વિશેષ જ્ઞાનપ્રાપ્તિ અને નિયમ નં. ૨૩ કોઇ કાર્ય શરૂ કરતાં પહેલાં પોતાના બળાબળનો વિચાર, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવપર વિચાર કરી નિર્ણય અને નિશ્ચય કરવાનું શીખવી નિયમ નં. ૩૨ ગંભારતા અને સૌમ્ય દૃષ્ટિયુક્ત બનવાનું બતાવી જીવને નિયમ નં. ૩૫ ઇંદ્રિયનિગ્રહ તરફ દોરે છે અને તે પછી નિયમ નં. ૩૪ અંતરંગ શત્રુઓનો વિજય આપે છે. આટલા પ્રમાણમાં આગળ વધતાં **પ્રમોદભાવનામાં પ્રવેશ** થતાં તેની પુષ્ટિ અર્થે નિયમ નં. ૨, ૮ અને ૨૧ બતાવેલા છે કે જે વિશેષમાં સર્વ જીવો પ્રતિ મૈત્રી ભાવ તરફ દોરનાર સાધન થઇ પડે છે. આ રીતે સર્વ નિયમોનો વિચાર કરતાં તે નિયમો પણ ચાર ઉચ્ચ ભાવનાઓને ઓછાવત્તા પ્રમાણમાં પુષ્ટિ અર્પણ કરે છે.

બાલુભાઈ—ચંપકલાલ! આજે તો તમે જરા રસમય રીતે સમજાવ્યું. અમે ત્રણે જણ આ બાબત પર હજી વિચાર કરી તે સર્વને બનતી ત્વરાથી અમલમાં મુકવા નિશ્ચય કરીશું. મને તો લાગે છે કે આ નિયમયુક્ત વર્ત્તનજ આપણને ગ્રહસ્થ માર્ગમાંની મુસ્કેલીઓથી દૂર કરે છે અને વળી આત્માને કાંઇક અંશે શુદ્ધ જ્ઞાનમય બનાવીને સચ્ચારિત્રમાં લાવી મુકે છે. કેમ ખરૂં છે ને? જયન્તિલાલ!

જયન્તિલાલ—હા, મને પણ તે બરાબર લાગે છે. ચાલો આજે વખત ઘણો થયો. હવે કોઇ ધાર્મિક ક્રિયામાં મગ્ન થઇએ. ચંપકલાલ! તસ્દી માફ જય. જય.

**( શા. ચીમન. )**

# " તોફાની કોણ ! "

તા. ૧૩ મી નવેંબર સને ૧૯૨૧ના જૈન પત્રમાં **ખબરપત્રિઓને** સૂચના આપનાર તથા નનામો લેખકજ તોફાની ટોળીમાં ગણી શકાય. જ્યારે અહીં (વડોદરામાં) પૂર્ણ શાંતિ અનુભવાય છે ત્યારે ખળભળાટ લખવો, શું આથી નનામો લેખકજ તોફાની સિદ્ધ નથી થઇ શકતો? પ્રામાણિક લેખકો તરફ ધ્યાન નહીં દેતાં નનામા લેખથી ધોરણ બાંધનાર જૈન તંત્રીનું મગજ કેટલું તોફને ચડી ગયું છે તે તો પાઠક સારી રીતે જાણી શકે તેમ છે. '**જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ**'ના નિયમને, અમને તોફાની ટોળીમાં દાખલ કરનાર જૈન તંત્રીએ સાબીત કરી બતાવ્યો છે. અમને ભાડુતી લેખક લખનાર જૈન તંત્રીને અમો પેટભરો તંત્રી લખીયે તો અમારી કલમને કોઇ રોકી શકે ખરા? નહિજ. એવીજ રીતે અમો પણ તંત્રીને જેમ તેમ લખતાં રોકી તો નજ શકીએ; પણ પ્રશ્ન તો પૂછી શકીયે ખરા કે

'તમારા પત્રમાં અહીંની ખોટી બીના લખનાર કોણ છે?' 'તમો પ્રતિષ્ઠિત મુનિ લખો છો તે કયા?' આમ સ્પષ્ટ પ્રશ્નો પુછવા છતાં જવાબ ન આપે અને તોફાની ટોળી કહી સાચા મુદ્દાઓને ઉડાવી મુકે, આથી જૈનતંત્રી તેવી પોપલીલાને વિસ્તારે છે કે અમો લીલા વિસ્તારીએ છીએ? તે સુજ્ઞ સમજી શકે તેવો વિષય છે. અમો તો માત્ર આવા પડદા પાછળ ખેલાતા ખેલોનું બીભિત્સ દૃશ્યને જોનાર પ્રજાસમક્ષ તેનું સત્ય સ્વરૂપ રજુ કરીએ છીએ. જોઇએ છીએ કે હવે પછી આવા પાપી પડદાઓમાંથી શું શું બીભિત્સ દૃશ્ય જાહેર થાય છે.

**જીવણલાલ કીશોરચંદ વડોદરા.**

# સુંદર રાજાની સુંદર ભાવના

અને

## શીલસત્વની કસોટી.

## પ્રકરણ ૧ લું.

### શયનમંદિરમાં કુળદેવી.

**મ**નોહર વૃક્ષ નિકુંજોથી ઉપશોભિત, સુરમ્ય હરીઆળા ઉદ્યાન પ્રદેશોથી સુશોભિત, ચિત્તાકર્ષક અને આનંદદાયી મહાન્ નગરોથી અલંકૃત, અવૃષ્ટિ અને અતિવૃષ્ટિના પરિતાપરહિત, સર્વ દેશોમાં પ્રાધાન્યપદ ધારણ કરનાર, આ ભૂમંડળ ઉપર અંગ નામના વિશાળ દેશમાં સમગ્ર રાષ્ટ્રના મંડનભૂત, સર્વ નગરમાં શિરોમણી, સુખસમૃદ્ધિથી પરિપૂર્ણ, દેશાન્તરીય જનોને આશ્રયદાતા, વિસ્તીર્ણ અને ગગનાવલમ્બી દેવમંદીરો, રાજમહાલયો, અને મહાન્ ધનાઢ્યોની સુંદરગૃહ પંક્તિથી સુશોભિત, અનેક પ્રકારની દર્શનીય સામગ્રીઓથી પરિપૂર્ણ ધારાપુર નામની નગરી જે દેશની રાજધાનીનું શહેર છે, જ્યાં પરોપકાર પરાયણ, પરાક્રમશાળી, નીતિનિપુણ, નગર જનોને આનંદદાયી, એટલુંજ નહિ પરંતુ જેની હૃદયાન્તર્ગત ઉચ્ચતર ભાવનાઓની સુંદરતા, મુખકમલથી ઝરતા વચનામૃતોની મધુરતા, ભવ્યમુખકમલની સુરમ્યસૌરભતા, અને તેજસ્વી તથા મનોહર શરીરની ભવ્યતા અલૈકિક હતી; જે અલૌકિક સૌંદર્ય સમાગમથી પરિપૂર્ણ સુંદર નામનો રાજા રાજ્ય કરતો હતો જેની રાજ્ય પાલનની અલૌકિક કળા સર્વ પ્રજાના અંતકરણને આશ્ચર્યમગ્ન કરતી શુભ આશીર્વાદને જન્મ અપાવતી હતી. સર્વ પ્રજા જેના દર્શનની ઉત્કટ ઉત્કંઠા ધરાવતી હતી.

વિદ્વાન્ કવીશ્વરો પણ દર્શાવે છે કે–**यत्राकृतिस्तत्र गुणा॰वसन्ति** ઘણું કરી આકૃતિને અનુસાર ગુણસમૂહની સ્થિતિ જોવાય છે. વ્યવહારમાં પણ એજ સ્થિતિ જોવામાં આવે છે, સ્વભાવતઃ જનસમૂહ આનંદી સ્વભાવ અને ભવ્ય આકૃતિ અનુસાર વિશિષ્ટ ગુણોનું

તેમનામાં અનુમાન કરે છે; આથીજ રાજાનો આનંદી સ્વભાવ, અને હર્ષપૂર્ણ છાયાથી વિભૂષિત મંદહાસ્ય યુક્ત મુખાકૃતિ, આંતરિક ઉચ્ચગુણોનું પ્રતિપાદન કરતાં હતાં. તે ઉદાત્ત ઔદાર્યાદિ ગુણ વિભૂષિત સુંદર રાજાને સૌભાગ્યની ભૂમિકા, માનસિક વાચિક અને કાયિક વિશુદ્ધિપૂર્વક સતીત્વનું સંરક્ષણ કરનારી, દિવ્ય વાજીંત્રમાંથી નિકળતા સુંદર સ્વર-સમાન સુસ્પષ્ટ અને મધુર વચનામૃતોથી અને અકુંઠિત ભક્તિથી, પ્રિયપતિને નિસ્સીમ આનંદ ઉત્પન્ન કરનારી, રાજવંશીય સતીશિરોમણી મદનવલ્લભા નામની એકજ રાણી હતી. પ્રભાવસંપન્ન રાજાના અંતઃપુરમાં, અને મનોમંદિરમાં, માત્ર એકજ મદનવલ્લભા હતી. રાજાના ઉચ્ચગુણોથી આકર્ષણ કરાયેલી અનેક રાજકન્યાના પાણીગ્રહણની વિજ્ઞપ્તિઓ રાજાઓ તરફથી આવતી હતી, પરંતુ એક પતિનિવ્રતધારી રાજા સર્વ વિજ્ઞપ્તિઓનો યોગ્ય પ્રત્યુત્તર આપી સર્વને પ્રસન્ન કરતો હતો. અનુક્રમે સાંસારિક જીવન વ્યતીત કરતાં સતી શીરોમણી રાણીની કુક્ષીરૂપ માનસરોવરમાં હંસ સમાન વિનયી અને વિવેકી, પોતાના આદર્શ જીવનથી સર્વને આશ્ચર્ય મગ્ન કરનાર, સ્વકુળને ઉન્નતિના શિખરપર આરોહણ કરાવનાર, કુળલક્ષ્મીના મુકુટ સમાન, બે પુત્ર થયા. મહાન્ વિભૂતિથી પુત્રજનનમહોત્સવ કર્યા બાદ રાજાએ બન્ને પુત્રોનાં અનુક્રમે કીર્તિપાલ અને મહીપાલ નામો ધારણ કર્યાં. નીતિધર્મપાલક ધર્મીરાજાના ઉદાર હૃદયમાં અનેક વિશિષ્ટ ગુણોનો વાસ હતો અને તેથીજ તે સર્વ જનમાન્ય અને અનુલ્લંઘનીય વાક્યવાળો હતો. સર્વ પ્રજા તેની આજ્ઞાપાલનમાં આનંદ માનતી હતી અને એકે અવાજે તેના ગુણોનું યશોગાન કરતી હતી. પ્રજાને સંપૂર્ણ વિશ્વાસ હતો કે અમારા રાજા જે કાંઈ અમોને ફરમાવે તેમાં અમારૂં શ્રેય રહેલું છે, કદીપણ અમોને તે ઉન્માર્ગે ગમન નહિજ કરાવે; કહ્યું છે કે—**गुणाः पूजास्थानं गुणीषु न च लिंगं न च वयः** ગુણવાન્ પ્રાણીઓમાં રહેલા તેમના ઉચ્ચતર ગુણો તેમની પૂજની-યતાના પ્રતિપાદક છે, નહિ કે તેમના વેષયા ઉંમ્મર. ગુણાનુરાગી કે ગુણપક્ષપાતીની દૃષ્ટિ માત્ર તેમના ગુણો પ્રત્યેજ હોય છે, પછી ભલે તેના શરીર ઉપર રહેલા સુંદર પોષાકથી ક્ષત્રીય વીર જણાતો હોય, સુંદર જવાહીર અને સુવર્ણ રત્નના આભૂષણથી અલંકૃત હોય, યાતો જીર્ણપ્રાય અને અનેક જગ્યાએ સાંધાવાળા મલીન ચીવર ધારણ કરવાથી દીનદુઃખી કંગાલ જેવો જણાતો હોય, ભલે તે વૃદ્ધ હોય કે યુવાવસ્થાના સૌંદર્યથી વિભૂષિત હોય અથવા તો બાલચેષ્ટામાં રમણ કરનારો બાળ હોય. વિવેકી પ્રાણીઓની દૃષ્ટિ આ સર્વ અવસ્થાઓની ઉપેક્ષા કરી એકાંતગુણગ્રાહિણીજ હોય છે. ગુણસમૂહથી ભરપૂર રાજાના અંતરમાં લોકોત્તર અને સર્વગુણશિરોમણી એવો એક અસાધારણ ગુણ હતો કે જે ગુણનું નામ શ્રવણ ગોચર થતાં તે ગુણધારી રાજા પ્રત્યે પૂજ્યભાવ ઉત્પન્ન થયા વિના ન રહે. જેમહાન્ ગુણની મુક્તકંઠે પ્રશંસા કરી સમર્થ અને સાતિશય જ્ઞાનસંપન્ન પૂર્વ ઋષિઓએ પોતાની જીવ્હા પવિત્ર કરી અને સમર્થ શાસ્ત્રકારોએ લેખીનીદ્વારા તેનો ઉલ્લેખ કરી પોતાના કર કમલોને પાવન કર્યા તેજ પરનારીસહોદર ગુણ રાજાના નિર્મલ હૃદયમાં રગે રગે પરિણમેલો હતો. વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલક અનર્ગલ પુન્યના સંપ્રાપક થાય એ નિઃશંસય વાત છે; પરંતુ માત્ર અન્ય સ્ત્રીથી પરાઙ્મુખ એટલે અન્ય સ્ત્રીને પોતાની માતા યા ભગીની તુલ્ય માનનાર, જેમ રણસંગ્રામમાં શત્રુ સૈન્યની સન્મુખ છાતીએ જનારા શત્રુઓને કદીપણ પોતાની પીઠ નહિ દર્શાવનારાઓમાંજ શુરવીરપણું નીડરપણું ઇત્યાદિગુણોની વિદ્યમાનતા માની શકાય છે તેવીજ

રીતે અન્ય સ્ત્રી પ્રત્યે તેનાથી ઉલટુંજ વર્તન કરનાર અર્થાત્ તેમના પ્રત્યે માતૃભાવ યા ભગીની-ભાવ ધારણ કરતા પોતાની છાતી નહિ દર્શાવનારા પ્રાણ જવા સુધીના કટોકટીના પ્રસંગે પણ પોતાના કુળને કલંકિત નહિં કરનારા સ્વધર્મથી અવિચલિત દૃષ્ટિવાળાઓમાંજ સાચી શૌર્યતા નિડરતા અને અજયતા માનવામાં આવે છે. તે મહાન તેજસ્વીઓના પ્રત્યે રાજા મહારાજાઓ મનુષ્યો તો દૂર રહો પણ મહાન્ પુન્યશાળી ઋદ્ધિપૂર્ણ દેવતાઓ અને અનેક દેવ દેવીઓના સ્વામી ઇંદ્રોપણ વાત્સલ્યભાવ ધારણ કરે છે, ચરણકમલની સેવા કરે છે અને દરેકે દરેકે કાર્યમાં સહાય કરે છે. સ્ત્રકાન્તાસંતોષી પુરૂષ યા સ્વકાન્ત-સંતોષી સ્ત્રી પ્રત્યે વિધિ પણ અનુકુલ થાય છે જેઓના સદ્વર્તનના પ્રભાવે વિષમ કાર્યો પણ નિર્વિઘ્ને સમાપ્ત થાય છે. અસહ્ય અથવા દુસહ્ય સંકટો પણ દૂર ચાલ્યા જાય છે, ભયાક્રાન્ત અટવી પણ નિર્ભય રીતે ગમન કરવા લાયક થઇ જાય છે, શાસ્ત્રોમાં જે મહાનુભાવોના અનેક જ્વલંત દૃષ્ટાંતો દર્શાવવામાં આવ્યા છે. અનેક સતીશીરોમણી સ્ત્રીઓએ પોતાના સતીત્વના પ્રભાવે મહાભારત કાર્યો કર્યા છે, અનેક દુખીઓને દુખ મુક્ત કર્યા છે, તેવીજ રીતે શીલવાન્ પુરૂષોએ પણ પોતાના આચાર વાણી અને કાર્યોદ્વારા સમગ્ર ભૂમંડળને આશ્ચર્યમગ્ન કર્યું છે. હૃદયની ઉચ્ચતમ ભાવનાપૂર્વક તે પરનારીસહોદરવ્રતનું પાલન કરતા અને નિતીથી રાજ્યપાલન કરતા સત્વશાળી રાજાની કિર્તિ દિગંતરમાં વિસ્તાર પામવા લાગી. ઉત્તમ સ્વામિની પ્રાપ્તિથી અત્યંત હર્ષપૂર્ણ હૃદયવાળી કીર્તિ દેવીએ આકાશમંડળમાં પણ પોતાનું નૃત્ય શરૂ કર્યું, અર્થાત્ જેના ગુણની પ્રશંસા દેશદેશાંતરમાં તો દૂર રહો પરન્તુ દેવલોકમાં પણ પહોંચી.

એક દિવસ લગભગ મધ્યરાત્રીના સમયે રાજાના શયન મંદિરમાં સૌંદર્યવાન્ અને તેજસ્વી કોઇ સ્ત્રીએ પ્રવેશ કર્યો. રાજા નિદ્રારહિત જાગતો બેઠો હતો, દિવ્યરૂપવાન્ સ્ત્રી એકદમ રાજા સન્મુખ ગઈ, જેની તેજસ્વી મુખમુદ્રા ઉપર શોકનાં ચિન્હો સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થતાં હતાં, જેનું હૃદય પણ દુઃખાક્રાન્ત હોવાથી વિહ્વળ જણાતું હતું રાજાએ સન્મુખ રહેલી સ્ત્રીને જોઇ. વાંચક મહાશયો રાજા સન્મુખ રહેલી સ્ત્રી તે કોઇ માનુષી નહતી પરંતુ રાજાની કુળદેવી પ્રત્યક્ષ થઇ રાજા પાસે આવી હતી શોકાક્રાન્ત હૃદયવાળી કુળદેવીએ મ્લાન મુખે નીચેની હકીકત જણાવી, રાજન્ હું તારી કુલ પરંપરાની રક્ષક કુળદેવી છું, શોકજનક વૃત્તાંત દર્શાવવા તારી પાસે આવી છું, જો કે તે હકીકત દર્શાવતાં મારૂં હૃદય ભરાઇ આવે છે, જીવ્હા ઉપડતી નથી, છતાં નિરૂપાયે તે જણાવવું પડે છે તે જણાવ્યા વિના ચાલી શકે તેમ નથી. જ્ઞાનદ્વારા જે હકીકત મેં જાણી છે તે હું તારી સમક્ષ સ્પષ્ટતાથી પ્રતિપાદન કરૂંછું અવનિપતિ ! અલ્પ સમયમાં તારૂં સુખપૂર્ણ જીવન દુઃખમય બનશે. આ રાજવૈભવના સુખનો અનુભવ જે તું કરે છે તે સર્વ સુખ તારી દૃષ્ટિપથથી દૂર જશે અને દુખના મહાન વિષમ ડુંગરો તારી નજર આગળ તરવરશે. તારા સુખનો ઉચ્છેદ અને દુઃખમય સ્થિતિ જોઇ મારૂં હૃદય કંપે છે. સુખની અવિચ્છિન્ન પરંપરાનો ઉચ્છેદ અટકાવવાને માટે અને ભાવી સંકટનો ઉચ્છેદ કરવા માટે ચારે બાજુએ અવલોકન કરતાં એક પણ માર્ગ મળી શકતો નથી. હૃદયગત સુંદરભાવના સફળ થાય તેવો સમય મારી નજરે આવી શકતો નથી. અમો દૈવી પરાક્રમસંપન્ન દેવતા છતાં પણ અમારામાં તે સામર્થ્ય નથી કે

રાજન્ ભવિષ્યમાં થવા વાળી તારી વિષમ સ્થિતિનો પ્રતિકાર કરી શકીએ તો પછી મનુષ્યની વાત તો શી કરવી. રણસંગ્રામમાં તીક્ષ્ણ શસ્ત્રો વડે સેંકડો સુભટપંક્તિથી જીત મેળવનાર મહાન્ શુરવીર યોદ્ધાઓ પણ દુઃખનો પ્રતિકાર કરી શકે તેમ નથી. વાંચક મહાશયો ! રાજા પ્રત્યે કથન કરેલાં કુળદેવીનાં વચનો ઉપર પૂર્ણ વિચાર કરવાની જરૂર છે. કેટલીક વખતે પુત્ર કલત્રાદિ સંબંધી ધારેલી ધારણા સફળ કરવા ખાતર જેનો સમાગમ મિથ્યાત્વ ઉત્પન્ન કરે તેવા મિથ્યાદર્શની દેવ દેવીઓની માનતા કરવાની અધમ ભાવનાઓ અંતરમાં ઉત્પન્ન થાય છે. વિચારણા માત્રથી વિરામ નહિ પામતાં. તે ધન ધાન્ય પુત્ર કલત્રાદિના મોહમાં લુબ્ધ થઇ પત્નિના પ્રેરાયા અકરણીય કાર્યો કરવા તત્પર થઇ જાય છે, જો કે વિચારશીલ વિવેકી ધર્મતત્ત્વના પરિચિંતક અને વાસ્તવિક સ્થિતિના જાણનારાઓના અંતરમાં કદીપણ તે ભાવનાઓ ઉત્પન્ન થાયજ નહિ, કોઈ વખત પ્રમાદ દશામાં તેવી વિચારણા ઉત્પન્ન થાય તો તરતજ અન્ય શુભ ભાવનાથી તે અધમ વિચારણાનું નિર્મૂલ ઉન્મૂલન કરે છે, કદીપણ તે વિચારણા તેઓમાં કાર્ય રૂપે પરિણમતી નથી–માત્ર મોહમુગ્ધ અને નિબિડ અજ્ઞાન અંધકારમાં રહેલા પ્રાણીઓનીજ તેમાં પ્રવૃત્તિ હોય છે.

કુળદેવીની હકીકત ઉપરથી આપણે સ્પષ્ટ સમજી શક્યા કે–સમર્થ દેવતાઓ પણ કર્મપરિણામને અન્યથા કરી શકતા નથી.

પુન્યોદયના પ્રભાવે કેટલીક વખતે પ્રયત્ન વિના પણ પ્રસન્ન થયેલા દેવતાઓ વિષમ પ્રતિબંધકોમાંથી પસાર કરાવી, સ્વભાગ્યાનુસાર ફળ પ્રાપ્તિમાં સહાયક બને છે. અશુભ કર્મના ઉદયે પ્રાણીઓને પ્રભાવસંપન્ન દેવતાઓ પણ કશું કરી શકતા નથી, ભલે તે પોતાનો ભક્તો હોય યા પૂર્વભવના સ્નેહી હોય યા પોતાના સ્વજન વર્ગ હોય. તેઓને સુખી કરવાની પોતાની તીવ્ર ભાવના અંતરમાંજ વિલય પામે છે. તે ભાવના સફળ કરવાનો કોઇ પણ માર્ગ તેમને મળી શકતો નથી. દૃષ્ટાંત તરીકે આપણે જાણીએ છીએ જે ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણ વાસુદેવના બંધુ બળદેવ ચારિત્ર અંગીકાર કરી પરિષહ ઉપસર્ગોને સહન કરી વિશુદ્ધ ચારિત્ર પાલનના પ્રભાવે પંચમ દેવલોકમાં દેવતા થયા. અવધિજ્ઞાનથી ત્રીજી નારકીમાં વિષમ સંકટ સહન કરતા પોતાના કૃષ્ણ બંધુને જોઇ હૃદય દુઃખી થયું. બંધુને નરકદુઃખમાંથી મુક્ત કરવાની પ્રબળ ઇચ્છાવાળા બળદેવ અનેક દેવતાઓના સ્વામી છતાં પણ કૃષ્ણનું દુઃખ દૂર કરવા સમર્થ થયા નહિ. દેવલોકમાં લઇ જવાનો પ્રયત્ન કર્યો તેનાથી કૃષ્ણને અધિક અધિક દુઃખ થવા લાગ્યું. છેવટે કૃષ્ણે બંધુને કહ્યું ભાઇ ! મને છોડીદે, તારા પ્રયત્નથી મને અધિક દુઃખ થાય છે. ઉપાર્જન કરેલાં અશુભ કર્મનાં ફળ ભોગવવાંજ પડે છે, કર્મપરિણામની પ્રબળ સત્તાનો ઉચ્છેદ કોઇથી પણ થતો નથી, દુષ્કર્મના ઉદયે પ્રાણીઓ આવી વિચિત્ર દુર્દશાનો અનુભવ કરે છે.

આ ઉપરથી આપણે જાણી શક્યા કે પાપના ઉદયે સમર્થ દેવતાઓ પણ સહાયક થઇ શકતા નથી. પ્રબળ પુન્યોદયે અલ્પ સામગ્રી છતાં પરાક્રમી યોદ્ધાઓ સામે વિજય સંપ્રાપ્ત કરે છે. ક્રોધાયમાન થયેલા દુસ્મનો પણ લેશ માત્ર વિરૂપ આચરણ કરી શકતા નથી, સમર્થ ઇંદ્રો પણ જેનો વાંકો વાળ સરખો પણ કરી શકતા નથી, જેનું જ્વલંત દ્રષ્ટાંત–ત્રણ જગતના નાથ અંતિમ તીર્થપતિ શ્રીમન્મહાવીરસ્વામિ મહારાજ ભવ્ય કમલ વનને પ્રફુલ્લિત

કરતા રાજગૃહી નગરીની બહાર ઉદ્યાનમાં સમવસર્યા. તે અવસરમાં દરરોજ છ પુરૂષો અને એક સ્ત્રીની હત્યા કરનાર અર્જુનમાળીના ભયથી કોઇપણ મનુષ્ય વંદન કરવાને માટે જઇ શકતું નહોતું; પરંતુ સુદર્શન શ્રેષ્ટિએ ભગવંતનું આગમન સાંભળ્યું અને અતિ પ્રસન્ન થયો, રોમાંચવિકસ્વર થયા અને વંદન, ધર્મશ્રવણની તીવ્ર ઉત્કંઠા જાગૃત થઈ. મહાન પ્રયત્ને માતા પીતાને સમજાવી ભગવાન પાસે જવા નિકળ્યો. મુદ્દગરપાણી યક્ષાધિષ્ટિત અર્જુનમાળી મોગર ઉલાળતો સુદર્શન સન્મુખ આવ્યો. સુદર્શને મરણાંત કષ્ટ જાણી સાગારી અનશન કર્યું. સુદર્શનના પુન્યપ્રભાવે યક્ષ કાંઇ પણ કરી શક્યો નહિ, પરંતુ તેનું તેજ સહન ન કરી શકવાથી અર્જુનમાળીના અંગમાંથી નીકળી ચાલ્યો ગયો. ત્યાર પછી સુદર્શનના મુખથી પોતાના સઘળા સમાચાર જાણી અર્જુનમાળીને પોતાના પાપનો પશ્ચાત્તાપ થયો અને સુદર્શનની સાથેજ ભગવાનનાં દર્શન કરવા ગયો. દેશના સાંભળી, ચારિત્ર અંગીકાર કર્યું. આત્મશુદ્ધિના માર્ગે પ્રયાણ કરી સ્વકાર્ય સાધી શક્યો. આની રીતે સુદર્શનને ક્રુર યક્ષ પણ કાંઈ કરી શક્યો નહિ, કેમ કે પુન્યશાળીઓને કોઈપણ સ્થળે દુખ નથી. વળી પણ કહ્યું છે કે

**मुदितान्यपि मित्राणि, सुक्रुद्धाश्चैवशत्रवः । नहीमेतत्करिष्यन्ति, यन्नपूर्वकृतं त्वया ॥**

ભાવાર્થ—જો પૂર્વે તથાપ્રકારનું સદ્વર્તનદ્વારા પુન્ય ઉપાર્જન ન કર્યું હોય તો અતિ પ્રસન્ન અને સમર્થ છતાં તારા પ્રિય મિત્રો તને લશ માત્ર પણ શાંતિ નહી કરી શકે, તેવીજરીતે જો પૂર્વે તથાપ્રકારનું વિરૂદ્ધ આચરણદ્વારા અશુભ કર્મ ઉપાર્જન નહિ કર્યું હોય તો ક્રોધાયમાન થયેલા તારા કઠોર અંતઃકરણવાળા શત્રુઓ અલ્પમાત્ર પરાભવ નહિ કરી શકે

ઉપર્યુક્ત વૃત્તાંત્તથી જાણી શકાય છે કે તથાપ્રકારની સુખ સામ્રાજ્યની સંપ્રાપ્તિ ધન ધાન્ય પુત્ર કલત્રાદિ પરિવારનો ચિરસ્થાયિ સમાગમ તથા તેજ સંપત્તિનો અસદ્દભાવ અને પ્રિય વસ્તુનો વિયોગ આ સર્વે પોતાના શુભાશુભ અનુષ્ટાનદ્વારા ઉપાર્જન કરેલા પુણ્ય અને પાપનેજ આધીન છે.

કુળદેવી રાજા સમક્ષ પોતાની દુખ પ્રતિકાર વિષયક અસામર્થ્યતા દર્શાવી કહે છે કે તે છતાં પણ રાજન્ જો તારી આજ્ઞા હોય તો મારા બનતા પ્રયત્નને વૈભવ ભોગવવા યોગ્ય તારી યુવાવસ્થા અતિક્રાંત થતા સુધી કાળવિલમ્બ કરૂં. રાજાના મુખથી પ્રત્યુત્તરની રાહ જોતી દેવી મૌનનું અવલમ્બન કરી ઉભી રહી. રાજાએ પ્રણામપૂર્વક દેવીના મુખથી નિકળતા પ્રત્યેક શબ્દો લક્ષ પૂર્વક શ્રવણ કર્યા. તે શબ્દોએ વિજળીની માફક રાજાના અંતઃકરણ ઉપર અસર કરી પરાક્રમી અને નિડરરાજા ધૈર્ય છોડી ભયભીત થયો, હૃદય પણ શુન્ય થયું, પરંતુ તે વ્યાકુળતા વધુ વખત રહી નહિ. થોડાજ વખતમાં હાર્દિક વિચારણા પરાવર્તન થઈ શુરવીરે શૌર્યતાને ઉત્તેજીત કરી સ્વાભાવિક ધૈર્યતાએ અંતરમાં પ્રવેશ કર્યો. આ અવસરે રાજાના મનોમંદિરમાં સુંદર વિચારમાળાનો પ્રાદુર્ભાવ થયો. "આપત્તિના સમયે જે મનુષ્યો પોતાના અંતઃકરણ વિહ્વળ નહિ બનાવતાં સ્વસ્થ રાખી શકે છે, નિડર થઈ શૌર્યતા દર્શાવતા તેની સન્મુખ થાય છે, તેજ મનુષ્યો પોતાના આંતરિક બળ ઉપર નિર્ભર રહી શકે છે, તેઓને બીજા કોઇપણ મનુષ્ય તરફથી સહાય્યની અપેક્ષા રહેતી નથી. સત્ત્વનિધિ હૃદયમાં એજ વિચાર કરે છે કે મારાં સર્વ કાર્યો મારેજ કરવાનાં છે, તે કાર્યમાં બીજાઓની કશી જરૂર નથી તેમ બીજાઓ કરી શકે પણ

નહિ. રણસંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવાની તીવ્ર અભિલાષાવાળો સાત્વિક યોદ્ધો પોતે શસ્ત્ર સજ્જ કરી અગ્રગામી થાય છે. શત્રુસૈન્યના મુખ આગળ પણ પોતે પહોંચે છે, તીક્ષ્ણ શસ્ત્રના પ્રહારો પણ પોતે સહન કરે છે, અને વિજયપ્રાપ્ત કરે છે, તેવીજ રીતે મારે પણ દેવીએ દર્શાવેલ ભાવીસંકટના યુદ્ધમાં વિજય મેળવવાનો છે" આવી સુંદર વિચારણા પૂર્વક સુંદર રાજાએ દેવી સમક્ષ પોતાના આંતરિક ઉદ્‌ગારો જાહેર કર્યા–હે દેવી ચિંતા કરશો નહિ, હૃદયને સ્વસ્થ કરો, આવી રીતે દીનતા કરવાથી તે દુઃખ દૂર થઇ શકે તેમ નથી. દેવી તમો પોતેજ જાણી શકો છો કે–જીવોને પોતાના અશુભ અનુષ્ઠાનદ્વારા ઉપાર્જન કરેલા દુષ્ટકર્મોના કટુક ફલોનો અનુભવ કરવો પડેજ છે તેમાં કોઇનું કાંઇ પણ ચાલી શકતું નથી અનેક પ્રયત્નો કરવા છતાં પણ તથાપ્રકારના ક્લિષ્ટ અધ્યવસાયપૂર્વક બંધાયેલાં કર્મો ફળ આપ્યાવિના દૂર થઇ શકતાં નથી, તાણો તાણનારની માફક વિચિત્ર અધ્યવસાયથી જીવ વિચિત્ર પ્રકારના કર્મનો બંધ કરે છે અને વણકરની માફક દૈવ (કર્મોદય) બંધને અનુસાર ફળ અર્પણ કરે છે. તાણો તાણનાર જેમ વિચિત્ર વર્ણાદિકનો તાણો કરે છે અને તેને અનુસાર વણકર પટ તૈયાર કરે છે તેવીજ, રીતે મિથ્યાત્વાદિક હેતુથી પૂર્વે આત્મા જેવા પ્રકારના કર્મનો બંધ કરે છે તેને અનુસાર ઉદયાવસ્થામાં તે કર્મના ફળનો અનુભવ કરે છે. જેમ નિર્વિવેકી વિનયહીન આજ્ઞાલુમ્પક છતાં પણ પુત્ર પોતાના પીતા પાસે બલાત્કારથી દ્રવ્યનો વિભાગ માંગે છે તેવીજ રીતે દુષ્કર્મ પણ પોતાના ઉત્પાદક પીતા આત્મા પાસે પુન્યની માફક આયુષ્યના ભોગની યાચના કરે છે, અર્થાત્ જીંદગીનો અમુક વિભાગ જેમ પુન્યના પ્રભાવે સુખમાં વ્યતીત થાય છે તેમ પાપના પ્રભાવે અનિચ્છાએ દુઃખમાં પણ નિર્ગમન કરવો પડે છે, માટે દેવી તે વિષમ પરિસ્થિતિ કોટી ઉપાયે દૂરતો થવીજ નથી હાલ નહિ તો છેવટે વૃદ્ધાવસ્થામાં પણ તે ઉપસ્થિત થવીજ છે તો હાલજ તે દુખનો અનુભવ હો. યુવાવસ્થામાંજ તે સંકટ સહન કરીશ. હું તે સહન કરવાને સજ્જ થયો છું. દેવી આપતો મારા ઉપર સ્નેહને લઇને દુઃખના વિલમ્બનો માર્ગ દર્શાવ્યો, પરંતુ વિચાર કરતાં હાલજ તેવો સમય વ્યતીત કરવો દુરસ્ત ધારૂં છું, માટે આપને હવે વિલમ્બને માટે પ્રયત્ન કરવાની જરૂર નથી. આવા વિષમ સંકટ-પ્રાપ્તિના પ્રભાત સમયે પણ સુંદર ગુણયુક્ત સુંદર રાજાના વિકસિત વદનમાંથી નીકળતા ધીરતા વીરતા અને ગંભિરતાદર્શક વચનો શ્રવણ કરી દેવી શોકપૂર્ણ હૃદયે સ્વસ્થાને પહોંચી. પરાક્રમી રાજાએ દુખપ્રાપ્તિના અવસરે ચિત્તની સ્વસ્થતા સ્થિર રાખવા ખાતર પ્રથમથીજ સુખનો પ્રતિબંધ દૂર કર્યો, મતલબ કે રાજાને હવે પૂર્વસુખનું સ્મરણ પણ થતું નથી. રાજાનું હૃદય હવે વિષમ સંકટ પ્રાપ્ત થયા પહેલાં કયા માર્ગે અનુસરવું, કઇ સ્થિતિમાં રહેવું, કયાં જવું, અને કેવી રીતે દુખનો અનુભવ કરવો, એ સંબંધી વિચારશ્રેણિમાં આરૂઢ થયું.

અપૂર્ણ.

# મહારાજા ચંદ્રશેખર.

( અનુસંધાન પુ. ૧ લાના અંક ૧૨ ના પૃષ્ટ ૨૪૧ થી. )

રાજકુમારીના શયનગૃહમાં જેવો તે યોગી દાખલ થયો તેવોજ તેને પહેરેગીરોએ પકડયો અને મુસ્કેટાટ બાંધી રાજાની હજુરમાં લાવી ઉભો કર્યો.

એક પછી એક એમ વારંવાર જે ગુન્હેગાર તરીકે પકડાય છે તેને માટે ક્રમે ક્રમે શિક્ષા પણ વધતી ફરમાવવામાં આવે છે. આ દુષ્ટને આવી રીતે ત્રીજીવારનો ગુન્હો કરતો જોઇ રાજાએ તેને દેહાન્ત દંડની શિક્ષા ફરમાવી નૃપતિના હુકમથી વધકોએ તેને શુળી ઉપર ચઢાવ્યો અને ત્યાં તે અત્યન્ત વેદના ભોગવી મરણ પામી ક્રુર રાક્ષસરૂપે ઉત્પન્ન થયો.

વિભંગજ્ઞાનથી રાજા ઉપરના વૈરભાવને અને રાજકન્યાના સ્નેહને યાદ કરી તે રાક્ષસ ત્યાં આગળ જુદા જુદા ઉપદ્રવો કરવા લાગ્યો.

એક દિવસ તે નગરને વિષે અચાનક આકાશમાંથી વિદ્યાચારણ મુનિ ઉતર્યા અને ધર્મ દેશના દેવા લાગ્યા, દેશના પૂર્ણ થઇ રહ્યા પછી નિત્ય પોતાનું મન ચિન્તાતુર રહે છે એવા રાજાએ પૂછ્યું કે હે સ્વામિન્ આ મારી પુત્રીનો સ્વામી કોણ થશે ?

હે રાજન્ ! આજથી ત્રીજા દિવસે આ નગરમાં મોટો ઉત્પાત થશે; દેહાન્ત દંડ પામેલો તાપસ મરીને રાક્ષસપણે ઉત્પન્ન થયો છે તે મોટો ઉપદ્રવ કરશે, માટે આ સ્થળ છોડી બીજે ચાલ્યા જવું એ લાભદાયક છે. કેટલાક વખત સુધી આ નગરમાં તે રાક્ષસના ભયથી કોઇ રહી શકશે નહિ, પરન્તુ મહાન્ પ્રતાપી ત્રણ ખંડના અધિપતિ કાશીપતિ રાજા મહસેનનો પુત્ર ચંદ્રશેખર તે રાક્ષસનો નાશ કરશે અને તે વખતે તે આ તમારી પુત્રીનો હાથ ગ્રહણ કરશે.

ઉપર મુજબ કહી મુનીશ્વર આકાશને વિષે ચાલ્યા ગયા. રાજાએ આખા નગરમાં ઢંઢેરો ફેરવાવ્યો કે દરેક જણે આ નગરમાંથી સત્વર ચાલ્યા જવું નહિતર એક બે દિવસમાં મોટો ઉપદ્રવ થશે અને તેમાં જીવિતનો પણ નાશ થવાનો ભય રહેશે.

રાજાનો હુકમ સાંભળી રાક્ષસના ભયથી આખા નગરના લોકો પોતપોતાનું જીવિતવ્ય બચાવવા માટે જેમ ફાવે તેમ નાસવા માંડયા અને રાજાએ પણ પોતાના સંબંધીઓ સહિત રસ્તો માપ્યો.

આખું નગર બીજે જ દિવસે શુન્ય થઇ ગયું, આપે જે સ્થિતિમાં અત્યારે જોયું તેજ સ્થિતિમાં ઘણા દિવસથી આ નગર પડેલું છે. હે પુરૂષોત્તમ ! ત્યાર પછી તે રાક્ષસે આ નગરમાં પોતાનો અમલ બેસાડ્યો કહીએ તો ચાલે, એક ચકલું સરખું પણ અત્રે ફરકતું નથી. રાજકન્યાને તે દુષ્ટ માર્ગમાંથી ઉપાડી લાવીને અહીંઆં રાખી છે. અને તે હું પોતે આપની સેવામાં હાજર છું; હે નરવીર ! કોઇ પણ રિતે મને આ નર્કકુંડમાંથી બચાવો. જ્ઞાનીના વચન પ્રમાણે પણ કાશીપતિ મહસેન રાજાના પુત્ર પણ હજુ સુધિ આવ્યા નહિ તો હવે શું થશે ? શું આ પાપીના પંજામાંથી મારૂં જીવન મુકત નહિ થાય ? મારી સઘળી આશાઓ આજ દશામાં નિરર્થક જશે ! હા દેવે ! હે પ્રભુ ! ” એ પ્રમાણે બોલી કુંવરીએ એક મોટો નિઃશ્વાસ મુકયો.

અત્યાર સુધી એક ધ્યાનથી કથાને સાંભળતો એવો રાજકુમાર ગર્જના કરી બોલ્યો

" હે વામા ? જેને તમે યાદ કરો છો, જેની તમે માળા જપી રહયાં છો; અરે જેના પ્રતાપથી તમે નિર્ભય થવાની આશા રાખી રહયાં છો તેજ હું રાજકુમાર ચંદ્રશેખર આપની સામે ઉભો છું. હવે તમે નિર્ભય રહો. તમારો એક વાળ પણ વાંકો કરનાર આ દુનીઆમાં કોણ છે ! તે રાક્ષસનો હું નાશજ કરીશ, આજથી થોડા દિવસમાં ખીલેલા પુષ્પની માફક આ નગર પાછું હતું તેવીજ સ્થિતિમાં તમે જાશો, એક સામાન્ય નિરાધાર મનુષ્યનું પણ રક્ષણ કરવું એ અમારો ક્ષત્રિઓનો ધર્મ છે, તો પછી અમારી હમેશાં સ્મૃતિ કરનાર અમારી ધર્મપત્નીનું રક્ષણ કરીએ એમાં અમે કાંઇ વધારે કરતા નથી. બાળા ! તમે જરા પણ બીશો નહિ, તે રાક્ષસ ક્યારે આવશે તે જણાવો ? "

રાજકુમારના મુખથી આ મુજબ સાંભળી કુમારી ઘણીજ હર્ષિત થઇ. પોતાનો પ્રતાપી પતિ પોતાના બચાવ માટે આવી પહોંચ્યો તેથી તેને અત્યંત આનંદ થયો, પરન્તુ તેજ વખતે રાક્ષસ સાથેના યુદ્ધમાં રખેને તેમને કાંઇ પણ અશિવ થાય આવા ભયથી કંપવા લાગી. " જ્ઞાનીનાં વચનો કદી મિથ્યા હોઈ શકેજ નહિ, આ પ્રતાપી રાજકુમાર અવસ્ય તે રાક્ષસના જીવીતનો નાશ કરશે, પરંતુ મને ધૈર્ય રહેતું નથી. ક્યાં તેની તાડસ્વરૂપ કાયા અને આ સુકોમલ બાલકુમાર ? હા દૈવ ! જે બને તે ખરૂં. એક વખતે એક નાની કાંકરી પણ મોટા ઘડાને ફોડી નાંખે છે. આ પુરૂષની આકૃતિ તેના પરાક્રમને પ્રદર્શીત કરે છે અને નક્કી તેમજ થશે. આ મહાપુરૂષ તે પાપાત્માનો અંત આણ્યા વિના રહેશેજ નહિ. "

એ પ્રમાણે તર્ક વિતર્ક કરતી રાજકુમારીએ રાક્ષસના આવવાનો સમય જાણી રાજકુમારને સૂચના કરી કે હે દયાસિન્ધુ ! હવે તમે તૈયાર થઇ જાઓ, તે પાપાત્મા આવવાની તૈયારીમાં છે, માટે તમારે તમારી ગોઠવણ કરવી હોય તે કરી લ્યો. પછી કુંવરીના કહેવાથી બીજી રક્તાંજનની ડાબડીમાંથી અંજન લઇ તેને આંજી દીધું એટલે પાછી તે બીલાડી બની ગઇ, પછી પોતે એક ગુપ્ત સ્થળમાં છુપાઇ રહ્યો.

ત્યાર પછી થોડીવારમાં રાક્ષસ આવ્યો અને શ્વેત અંજન આંજી બીલાડીને રાજકન્યા રૂપમાં ફેરવી નાંખી. આજ તે કન્યા સાથે લગ્ન કરવાનો હોવાથી જેના હર્ષનો પાર નથી એવો તે રાક્ષસ આમ તેમ આનંદથી કુદવા લાગ્યો. અહી તહીં ફરતાં ફરતાં જ્યારે તેને માણસની ગંધ આવવા લાગી ત્યારે તેણે કુંવરીને પૂછ્યું કે હે કલ્યાણી ! અહીં મનુષ્યની ગંધ કેમ આવે છે. શું આજે અત્રે કોઇ પણ મનુષ્ય તારા જોવામાં આવ્યું હતું.

" માણસ તો હું પણ છું; તમને મારી ગંધ આવતી હશે " રાજબાળાએ જવાબ આપ્યો.

નહિ નહિ ! આજ તો તદન જુદીજ ગંધ આવે છે, નક્કી અહીંઆં કોઇ બીજો મનુષ્ય આવ્યો હોય એમ લાગે છે અને તેને પણ અત્રે કોઇ પણ સ્થળે તેં છુપાવ્યો હોય તેમ જણાય છે, માટે સાચું બોલ નહિ તો તનેજ હું પુરી કરી નાંખીશ.

રાક્ષસનાં આવાં વચનો સાંભળી ભયથી કંપતી રતીસુંદરી કાંઇ પણ બોલવા જાય તે પહેલાં તો મહાન્ તેજસ્વી રાજકુમાર હાથમાં ખડ્ગ લઈ ત્વરાથી તે દુષ્ટ રાક્ષસના સામો આવી બોલ્યો " હે પાપીષ્ટ ! હે ક્રૂર ચંડાળ ! આખા નગરની શુન્ય દશા કરી ન ધરાયો કે છેવટે સ્ત્રીહત્યા કરવા પણ તૈયાર થઇ ગયો ! શું તને કોઈ પણ પ્રકારે મરણનો ભય નથી ! તું નક્કી સમજ કે આજે તારો અંતકાળજ આવ્યો છે, માટે જો તું જીવીતની ઇચ્છા રાખતો હોય તો આ રાજકન્યાને મુક્ત કર અને આ નગર જનો તરફ જે ભયનો ત્રાસ ફેલાવ્યો

છે તેને સંક્રમાવી દે તથા હવે પછી કોઈ પણ દિવસ આવું અઘટીત અને લોકોને તાપ ઉપજાવનારૂં કામ નહિ કરવાની પ્રતિજ્ઞા કર, જો તે પ્રમાણે ન વર્ત્તવાની તારી ઇચ્છા હોય, અને તારા જીવીત ઉપર તારી અકૃપા થઇ હોય, અરે ! તારી ખુરે મોતે મરી જવાની ઇચ્છા થઇ હોય તો મારી સામે આવી જા.

રાજકુમારનાં આવાં વીરત્વ ભરેલાં વચનો સાંભળી કુમારી મનમાં ચકીત થઈ ગઇ, છતાં પણ ક્રુર રાક્ષસની આકૃતિ દેખી તેની સામા કુમારની શી સ્થિતિ થશે તેમાટે મનમાં મુંઝાવા લાગી. રાક્ષસે તો એક મોટો સ્થંભ ઉખેડી રાજકુમારની સાથે યુધ્ધ કરવાની તૈયારી કરી અને તેણે પોતાનું શરીર તાડ પ્રમાણે ઉંચું અને વિક્રાળ બનાવી દીધું.

રાજકુમાર તેનાથી બિલકુલ ભય નહિ પામતાં પોતાને પ્રાપ્ત થએલું ચંદ્રહાસ ખડ્ગ લઈ યુધ્ધ કરવા સજ્જ થયો અને બોલ્યો કે દુરાત્મા ! હજુ પણ હું તને કહુંછું કે તું તારા જીવિતવ્યનો શત્રુ શા માટે બને છે. હું તને નિશ્ચયે મારી નાંખીશ.

રાજકુમારના આ શબ્દો સાંભળીને રાક્ષસ ક્રોધયુક્ત હાસ્ય કરતો બોલ્યો કે હે બાળક ! તું ફક્ત વાચાળ હોવાથી શુરવીર કહેવાય નહિ. બહુ બોલ બોલ શું કરે છે ? તારા જેવા બાળકોને મેં આજ સુધી ચણાના માફક ચાવી નાખ્યા છે અને મારા પુણ્યેજ તું પણ તારી જાતે મારા ભક્ષ્યની ખાતર આવી પહોંચ્યો છું, તો હવે ક્યાં જવાનો છું ? એમ કહી રાક્ષસે રાજકુમાર ઉપર હુમલો કર્યો. અપૂર્ણ.

( લે. કવિ. રસિક. )

# સૂચના.

માર્ગશીર્ષ શુદી ૧ બુધવાર વીર સંવત્ ૨૪૪૮ ના મહાવીર પત્રમાં પણ અમારા પડદામાં છુપાઇ રહેલા નનામા લેખકે દર્શન આપી પોતાની પશુતા જાહેર કરી છે. હું આને પશુતાજ સમજું છું કે-પોતે પડદા પાછળ રહી, પ્રગટ નામથી જાહેર થનારને યદ્વા તદ્વા લખે. આની આ પાશવિક વૃત્તિને રોકવા અમોએ ઘણી મહેનત કરી પણ હજુ તેની કજાતને લઈને તે સીધે રસ્તે આવી પોતાના નામને જાહેર નથી મુકતો. વડોદરામાં ખાસ એક જૈન કાપડીયા તરીકેની અટક વાળી કોઇ વ્યક્તિજ નથી, છતાં આમ બહુરૂપી બની મ્હોટા મ્હોટા મહાત્માઓની પણ ખોટી ટીકા કરવાની બુરી આદતને ધારણ કરી નામ જાહેર મુકવાની નાહિમ્મતવાળો સમાજને પ્રથમથીજ સૂચના આપે છે કે હું નનામો છું, મ્હારૂં પોત મ્હારા લેખથીજ જાહેર કરૂં છું-પ્રકાશું છું, એટલે વિશેષજ્ઞો વાસ્તે મ્હારે કાંઈ પણ લખવાનું હોયજ નહીં. કેટલાંક " ગુપ્ત નામ ત્યારેજ હોય જ્યારે તેમાં પોલ હોય"- આ સૂત્રને નહીં સમઝનારાઓ માટે જ હું આ નનામા બહુરૂપી લેખકને સૂચના આપું છું કે-જો તમો તમારા લેખને સત્ય માનવાની હિમ્મતવાળો હો તો તમારા નામઠામની સાથેજ જેમના ઉપર આક્ષેપ કર્યો હોય તેના ઉલ્લેખ સહિત વર્ત્તમાનપત્રમાં મુકી જુઓ એટલે કાયદાની રૂએ યુક્તિપ્રયુક્તિ સાથે તમોને તમારા અધમકૃત્યનું ફળ કેવું મળે છે તેની તમને અને આમ સાવ ખોટા મુદ્દાઓ લખવાને તમે કેટલા ટેવાઈ ગયા છો તેની પબ્લીકને સારી રીતે સમજ પડે.

તમારૂં કેટલું અજ્ઞાન છે તે તો તમો "-શુદ્ધ કેસરની તપાસમાં હોવાથી પરિણામ શુદ્ધ હોવાથી કેસર અપવિત્ર હોય તો પણ દોષ પાત્ર. નથી-" આ શબ્દોથીજ જાહેર કરો છો, કેમકે બહિષ્કારના તિરસ્કારના પક્ષકારો તરફથી કોઇ પણ પત્રિકામાં આવા અક્ષરો છેજ નહીં, તમારી મૂર્ખતાથી તમે આમ ઉલટો અર્થ કરો છો જો સાથે પત્રિકાની પંક્તિ લખી હોત તો સારી પેઠે જણાત કે આને આટલી અજ્ઞાનતામાં લખવાનો ઉમળકો કેવો છે.

જીવણલાલ કીશોરચંદ વડોદરા.

# અમારી નોંધ.

—o:o—

**દિશા બદલી**—રા. કુંવરજી ભાઇએ પોતાના દિશા ક્ષેત્રે પણ બદલી એ એક આનંદની વાત છે. પ્રથમથીજ વિચાર કરીને પગલું ભર્યું હોત તો નિરર્થક મૃષાવાદનું સેવન કરવાનો પ્રસંગ તેમના માટે ઉપસ્થિત ન થાત. પોતાના આસો માસના અંકમાં તો મોટા અક્ષરોમાં " જિનપૂજામાં પરદેશી કેશર નહિ વાપરવાનો શ્રી ભાવનગરના સંઘે કરેલો ઠરાવ " આ મથાળા નીચે પ્રભુપૂજામાંથી તો કેસર માત્રનો બહિષ્કાર કરવાનું જણાવી ત્યાં સુધી પણ લખી દીધું હતું કે થોડું અને ખાત્રીવાળું સ્વદેશી મલે તે પણ પ્રભુપૂજામાં નહિ પણ કપાલરસિઆઓની કપાલપૂજામાં વાપરવાનું ભાવનગરના શ્રીસંઘે ઠરાવ્યું છે, પણ ત્યાર પછી બહિષ્કારનો તિરસ્કાર વાંચવાથી આંખો ઉઘડી એમ કલ્પી શકાય, કારણકે તે પછી તુરતજ વિજ્ઞપ્તિપત્રિકા બહાર પાડી. પૂજ્ય આચાર્ય મહારાજાઓ તથા મુનિમહારાજાઓની સલાહ માંગી તેમાં અને કાર્તિકમાસના અંકમાં ૨૫૧ મા પેજમાં 'કેસર અને તેનો બહિષ્કાર' આ મથાળાના લેખની નૉટમાં લખવું પડયું કે ' ભાવનગરના સંઘે અપવિત્ર કેસરનો નિષેધ કર્યો છે, ' છતાં પણ વિચારકો સમજી શકે તેમ છે કે તેમની વિદેશી માત્રના ત્યાગની ભાવના તેવીને તેવીજ કાયમ છે.

* * * * *

વસ્તુતઃ કેસરના નહિ પણ વિદેશી તરફજ પછી તે પવિત્ર હો કે અપવિત્ર હો ઘૃણાની નજરે જોનારાઓ કોઇનું પણ સાંભળતાજ નથી, બસ માત્ર પોતાનુંજ ગાયા કરે છે. એસ નારાયણની કંપની સુપ્રસિદ્ધ પેપરો દ્વારા ખુલાસો કરે છે અને જણાવે છે કે અમારૂં કેસર તદ્દન શુદ્ધ પવિત્ર અને કુદરતી છે કદાચ કોઇ તેમાં અપવિત્ર વસ્તુનો ભેળ છે એમ પૂરવાર કરે તો તેને રૂ. ૧૦૦૦ ) અંકે હજારનું ઇનામ આપવા જણાવે છે. તે કંપની કેવું નિડરપણે પ્રકાશિત કરે છે તે અમારા વાંચકોની જાણ માટે અમારે સ્થળ સંકોચ છતાં તા–૩૦–૧૯૨૧ ના દિવાળી અંકના ઉપરથી અક્ષરશઃ ઉતારો કરવો પડે છે:—

" અમારૂં સૂરજ છાપનું કેસર તદ્દન શુદ્ધ અને કુદરતી કેસર છે એ કુદરતના બાગમાંથી ચોખ્ખું અને ચુટી કાઢેલું છે, અને પવન વગરના ડબ્બામાં અકબંધ પેક કરવામાં આવે છે, એમાં અપવિત્ર ચીજની મેળવણી બીલકુલ નથી, અને તેને માટે સરકારી એનેલાઇઝર, અને બીજા ઉત્તમ રસાયણ શાસ્ત્રીઓ પાસે પૃથક્કરણ કરાવી પ્રમાણપત્રો મેળવેલાં છે, અને વાપરનારા લોકોએ તેની કુદરતી ખુશબો અને રંગ માટે અભિપ્રાયો આપેલા છે, એક વખત વાપરવાથી ખાત્રી થશે. "

" આજ કાલ દેવપૂજન અથવા અન્ય શુભ કામો, તથા પૌષ્ટિક દવા વગેરે કામો માટે અસલ કુદરતી શુદ્ધ કેસર મેળવવું કઠણ છે. બધા ધાર્મિક લોકો અને અસલ ઉત્તમ ચીજ ચાહનારાઓ સૂરજ છાપ કેસર વાપરે છે. અને મુંબઇ તેમજ દેશાવરમાં તથા રજવાડમાં અને વૈષ્ણવ, જૈન વગેરે લોકોના દેવમંદિરોમાં આજ વર્ષો થયા સૂરજ છાપ કેસરજ વપરાય છે. "

બજારમાંથી કેસરની ખરીદી કરતી વખતે અમારા ફેન્સી રંગીન ડબ્બાની કોર તથા

પેકીંગ બરાબર તપાસી લેવા અમારી ખાસ ભલામણ છે. નકલી માલથી હંમેશાં સાવચેત રહેવું. જો તમારે અસલી શુદ્ધ કેસર જોઇતું હોય તો અમારે ત્યાંથી મંગાવો. ગ્રાહકોની સગવડને ખાતર અમે અમારી કોટની ઑફીસમાં છુટક કેસર વેચવાની ખાસ ગોઠવણ કરી છે."

"સૂરજ છાપનું કેસર-દેવ મંદિરોમાં ઉત્સવ ઉપર અને રાજા મહારાજાઓના દરબારમાં તથા લોકોના મોટા મેળાવડાઓમાં આજ પોણોસો વરસ થયાં વપરાય છે"

"ઓછામાં ઓછું અર્ધો ઔંસ અથવા ૧॥ તોલો કેસર છુટક અમારે ત્યાંથી મળી શકશે"

"બહાર ગામના ઓરડરો વી. પી. થી મોકલવામાં આવે છે માત્ર એકવાર વાપરી ખાત્રી કરવા મહેરબાની કરો"

"અમારા સૂરજ છાપ કેસરમાં કોઇપણ અપવિત્ર વસ્તુનો ભેળ છે એમ પૂરવાર કરનારને રૂ. ૧૦૦૦) અંકે એક હજારનું ઇનામ આપવામાં આવશે."

"કેટલાક ખોટે માર્ગે ચઢેલા માણસો સૂરજ છાપના પવિત્ર કેસરમાં અમુક અશુદ્ધ અપવિત્ર વસ્તુઓ છે એવી નાપાયાદાર વાતોના ગોળા ગબડાવ્યા જાય છે, તેમાં કોઇએ વિશ્વાસ રાખવો નહિ. જેઓમાં પોતાનું કથન સિદ્ધ કરવાની શક્તિ હોય તેઓ માટે ઉપરનું ઇનામ છે. ખોટી બદબોઇ કરનારાઓએ માફી પત્રો અમને આપેલાં છે. બ્રીટીશ એનસાઇક લોપીડીયાની કોઈ વાત અમારા કેસરને લાગુ પડી શકતી નથી. તે સિદ્ધ કરી આપે તેને પણ ઉપર્યું ઇનામ મળશે."

"અમારૂં સૂરજ છાપ કેસર તદ્દન શુદ્ધ પવિત્ર અને કુદરતી છે, તેની અનેક સાબીતીઓ જાતે ખાત્રી કરવી હોય તો ( સ્ટા. ટા. ) બે અને પાંચની વચ્ચે અમારી ઑફીસમાં મળો"

જૈન ધર્મ પ્રકાશમાં ભાઇ અમૃતલાલ માવજી શાહ કલકતેથી પૂછે છે કે–"શાસ્ત્રમાં કેશરને પૂજામાં મૂખ્ય ગણવામાં આવ્યું છે કે ચંદનને ?" ઉત્તરમાં જણાવવું જોઇએ કે જેમ શાસ્ત્રોમા ચંદનને મુખ્ય ગણેલ છે તેવીજ રીતિએ ચંદનપૂજામાં મિશ્રિત કરવા યોગ્ય દ્રવ્યોમાં કેસરને પણ મુખ્યજ ગણેલ છે. પવિત્ર કેસરની પ્રાપ્તિ છતાં તેને બંધ કરનાર વિધિભંગના દોષથી દોષિત બને એમાં તો જરાએ વાંધો નથી. સાથે અમારે એ ભાઇશ્રીને જણાવી દેવું જોઇએ કે ભાઇશ્રી ! "શું કેસરપૂજા કર્યા વિના પૂજાનું ફળ વ્યર્થ જતું હશે ?" આવા આવા નકામા પ્રશ્નો ઉઠાવી નિરર્થક ભદ્રીક હૃદયોને હચમચાવવામાં એકાંતે નુકશાન છે. આનંદ ધનજી મહારાજનું "ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યું રે". આ વાકય કંઇ શુદ્ધ દ્રવ્યનો ઉપયોગ કરવાનો નિષેધ કરતું નથી, એમાં તો એ મહાત્માએ શાસ્ત્રોનો આશય આબેહુબ ચીતર્યો છે. શાસ્ત્રકારો ચિત્તની પ્રસન્નતામાં શુદ્ધ દ્રવ્યોને પણ અત્યંત આવશ્યકીય પદાર્થો તરીકે ઓળખાવે છે. મહર્ષિઓના ભાવને સમજ્યા શિવાય મનતરંગો ચલાવવામાં જરાએ લાભ નથી ઉલ્ટી હાનિ તો બેઠીજ છે. આનંદઘનજી મહારાજાના નામે એજ પ્રકાશમાં એક જિજ્ઞાસુ ભાઇએ ગોટાળો કરવાની હીમ્મત કરી છે અને તેના વિદ્વાન તંત્રીએ તે હીમ્મતને વધાવી લેવા જેવું કર્યું છે.

* * * * *

આવી પરિસ્થિતિ છતાં પણ મુનિરાજશ્રી કર્પુરવિજયજીએ પ્રથમ પણ આત્માનંદ પ્રકાશમાં એક લેખ લખી શાસ્ત્રથી વિરૂદ્ધ વર્ત્તન કરનારાઓને હિતશિક્ષા ન આપતાં

શાસનસંરક્ષક મહાત્માઓ ઉપર અને શ્રી સંઘો ઉપર કેટલાક અસત્ય અને અઘટિત આક્ષેપો કીધા હતા તે સમ્બન્ધમાં મુનિરાજશ્રી રામવિજયજીએ તે આક્ષેપોને પાછા ખેંચી લેવા યાને સાબીત કરવા ચેલેંજ આપી હતી, તે સમ્બન્ધમાં કંઇપણ ઉચિત સમાધાન ન કરતાં કાર્તિક માસના જૈનધર્મ પ્રકાશમાં કેશર ત્યાગવાનોજ ઉપદેશ કરવાનું સાહસ ખેડી રહયા છે, જો આજની જાગૃતિ મુનિવરો ઉપર પણ આવી ન છાજતી અસર કરતી હોય તો અમને તો ખેદજ થાય છે.

* * * * *

અમારા પૂજ્ય ધર્મગુરૂઓ ગમે તેવા પ્રસંગે પણ શાસ્ત્રનિર્દિષ્ટ માર્ગેજ ચાલનારા છે. પોતાના શાસ્ત્રના આધારે જે યોગ્ય લાગશે તેજ તેઓ જણાવશે, પરન્તુ જેમાં તેમાં હાજી હા કરવા તો નહિજ તૈયાર થાય. અલબત્ત આજે શાસનમાં કેટલાક વેષવિડમ્બકો એવા પણ ઉત્પન્ન થયા છે કે જેઓ રેલ્વે આદિમાં યથેચ્છપણે વિચરી મુનિવેષને કલંકિત કરનારા સાચું કે ખોટું જેમ મનમાં આવે તેમ ભરડે છે તેવાઓથી સાવચેત રહેવાની શ્રદ્ધાળુ સમાજ પ્રત્યે અમારી વિનંતિ છે.

* * * * *

શાસ્ત્રીય વાતોમાં ગૃહસ્થો કંઇપણ સમજ્યા વિનાજ ધમાધમ કરવા ઉતરી પડી નકામી ધમાધમ મચાવી દે છે. વખતો વખત ચર્ચાને ડોળી મારનારાઓ ઊભા થાય છે અને વચમાં પોતાનું ડહાપણ ડોળી શાસ્ત્રીય વાતોને ચુંથી નાખવા જેવું કરે છે, પણ સદ્‌ભાગ્યે તેવાઓ ઠેઠ સુધી નભી શકતા નથી. અસ્તુ ભાવિ ! પણ અમને તો સંપૂર્ણ શ્રદ્ધા છે કે અન્તમાં સત્યનોજ વિજય થાય છે અને થશે અને ઉન્માતીઆ પાછા પડશે.

* * * * *

કાર્તિકમાસના માસિકમાં એમ પણ જણાવવામાં આવેલ છે 'કેસર સંબંધી ખાસ પ્રયત્ન' કરતાં મુનિરાજશ્રી વલ્લભવિજયજી આદિ અગીઆર (તેમાં નામ આપેલાં છે) મુનિવર્ગના ઉત્તરો આવેલ છે "હજુ આચાર્ય મહારાજાઓના બધા ઉત્તરો બાકી છે તેમજ બીજા મુનિરાજ ને પંન્યાસજીઓના પણ બાકીમાં છે" આવેલ મુનિવરોના ઉત્તરો પણ બધા આવી ગયા પછી તે પત્રો અથવા તો તેનો સાર પ્રગટ કરવા જણાવે છે. અસ્તુ, તેનો વિચાર તે વખતે પરન્તુ અમને પ્રશ્ન થાય છે કે વડોદરાથી હેન્ડબીલદ્વારા પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરિશ્વરજી મહારાજ તરફથી ઉત્તર બહાર આવ્યાને ઘણો સમય વ્યતીત થવા છતાં શું ભાવનગરના શ્રીસંઘને તે નહિ મળ્યો હોય? અને મળ્યો હોય તો કુંવરજીભાઇ શા માટે માસિકમાં તેની નોંધ સરખી પણ ન લે ? હાલ તો આટલી આ શંકાજ બસ છે, અવસરે સઘળો રહસ્યસ્ફોટ આપો આપ થઈ જશે બીજુ પીંડવાડાથી શા. ભગવાનજી તેજમલજી તરફથી બહાર પડેલું હેન્ડબીલ ભાવનગરના શ્રીસંઘને ઉત્તર રૂપ ન હતું, પરન્તુ કુંવરજીભાઇના મૃષાવાદને બતાવી તેઓએ કરેલ ઢાંકપીછોડાને ખસેડી નાંખી શ્રીસંઘની સેવાના નિવેદન અને પૂજ્ય આચાર્ય મહારાજા તા. મુનિરાજાઓને વિનંતિ રૂપ હતું તો તેના સંબન્ધમાં "એક હેંન્ડબીલ આ સબંધનું પીંડવાડાથી બહાર પડયું છે, પણ તે શ્રાવકના નામનું હોવાથી આના અંદર ગણવામાં આવ્યું નથી" આ પ્રમાણે લખવાની જરા પણ જરૂર ન હતી છતાં શા માટે તેમ કર્યું હશે ? એ વાત પણ વિચારવા જેવી છે.

શ્રી 'મહાવીર' પત્રના કાર્તિક સુદી ૧ ના અંકમાં બેચરદાસે 'કુંભાર પ્રત્યે મહાવીર' આ લેખમાં શ્રમણોપાસક સદ્દાલપુત્રનું આખ્યાન જે ઉપાસક દશાંગના નામના સાતમા અંગમાં આવે છે તેના ઉપરથી જે ઘટના કરી છે તે અમુક નહિ જેવા ભાગ શિવાય તદ્દન બનાવટી અને અસત્યતાથી ભરપુર છે; તો તે શ્રીમાન્‌નું યથાસ્થિત આખ્યાન કોઈ શ્રીમુનિરાજ લખી મોકલવા કૃપા કરશે તો જરૂર અમે અમારા માસિકમાં પ્રગટ કરીશું.

* * * * *

વીકાનેરથી શેઠજી સુમેરમલ્લજી સુરાણાનો પીંડવાડે વિરાજતા પંન્યાસજી મહારાજશ્રીમદ્ દાનવિજયજી ગણિ ઉપર પત્ર આવેલો, તેમાં તેઓ સ્પષ્ટ લખે છે કે અત્રે (વીકાનેરમાં) સ્વમ વિગેરેની ઉપજના સમ્બન્ધમાં કોઈ જાતનો ફેરફાર કરવામાં આવ્યો નથી. જૈનપત્રકાર શામાટે ઉડતી વાતોને પોતાના પત્રમાં સ્થાન આપી નાહક પોતાના પત્રને 'અસત્ય પ્રકાશક' આવા ઉપનામથી નવાજે છે? શાસનદેવ! તેમને સદ્‌બુદ્ધિ આપો અને શાસનસેવક બનાવો એજ અમારી અભિલાષા છે.

## વર્તમાન સમાચાર.

મુંબાઈ શહેરમાં પંન્યાસજી મહારાજશ્રી મોહનવિજયજીના ઉપદેશથી ઝવેરી ફકીરચંદ નગીનચંદ કપુરચંદ તરફથી ઉપધ્યાન શરૂ થયેલાં તેનું માળ પરિધાપનનું મુહુર્ત્ત સુદ ૭ નું છે તેના નિમિત્તે તેઓ તરફથી પાયધુની ગોડીજીના દેરાસરમાં અઠ્ઠાઈ મહોત્સવ, સમવસરણની રચના અને શાન્તિસ્નાત્ર કરવાનું છે.

એક હર્ષદાયક સમાચાર—શ્રીમાન્. સાગરાનંદ સૂરીશ્વરજીના સદુપદેશથી શૈલાણાનરેશે પોતાના રાજ્યમાં શ્રી પર્યુષણાપર્વના આઠ દિવસ તથા દરેક માસની બે આઠમ અને બે ચૌદશ તથા પોતાની જન્મતિથિ એટલા દિવસોમાં કોઇપણ જીવની હિંસા ન થાય તેવો સખ્ત બંદોબસ્ત કરી સૂરીશ્વરજી મહારાજને એક પટ્ટો કરી આપ્યો છે. પૂજ્ય મુનિમહારાજોના સદુપદેશથી આવાં કાર્યો હંમેશાં થાય એવી અમે આશા રાખીએ છીએ.

## પુસ્તકોની પહોંચ અને સાભારસ્વીકાર.

સુબોધપદ્ય રત્નાવળી—તેના સંગ્રાહક ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજી તરફથી મળી છે. સદરહુ બુકમાં મુનિશ્રીએ પરચુરણ શ્લોકો એકઠા કરીને ભાષાન્તર કરેલું છે, તે ઘણુંજ ઉપયોગી થાય તેમ છે. કિંમત છ આના છે.

શારિરિક કેળવણી—આ નામની બુક વડોદરા વકીલ નંદલાલ લલ્લુભાઇ તરફથી બહાર પડી છે. કિંમત એકઆનો છે.

મતમીમાંસા (પ્રથમભાગ)—આ નામની હીંદી બુક વકીલ લાલચંદ નંદલાલ વડોદરા કોઠીપોળવાળા તરફથી મળેલી છે. તેના સંગ્રાહક શ્રીમદ્ વિજયકમલ સૂરીશ્વરજી છે. આ બુકમાં અન્યદર્શનીઓ તરફથી પોતાના ધર્મશાસ્ત્રોમાં જે જે હિંસાત્મક પાઠો લખેલા છે તેનું રીતસર વિવેચન કરેલું છે. મૂલ્ય રૂા. ૧–૪–૦ છે.

## લેખકોને વિજ્ઞપ્તિ.

પૂજ્ય મુનિમહારાજો તથા બીજાઓને વિનંતિ કરવામાં આવે છે કે તેઓએ પોતાના લેખો કાગળની એકજ બાજુએ શાહીથી લખી અમને શુદ ૧૫ પહેલાં મોકલી આપવા જેથી યોગ્ય વ્યવસ્થા થઇ શકે.

## જાહેર ખબર.

ધનપતસિંહજી બાબુ તરફથી છપાયેલ નીચેનાં આગમો ભેટ આપવાનાં છે.

નિર્યાવલીકા, જંબુદ્વીપપન્નત્તિ, દશપયન્ના, કલ્પસૂત્રમૂળ. જીવાજીવાભિગમ.

મંગાવનારે પારસલ પેકીંગખર્ચ સારૂ બારઆના પ્રથમથી મોકલાવવા અને સ્ટેશનનું નામ બરોબર લખવું જેથી રસીદ ત્યાંની કરવામાં આવે.

લખો—જૈન વિદ્યાશાળા, ડોશીવાડાની પોળ—અમદાવાદ.

## જાહેર ખબર.

| પુસ્તકનું નામ. | | કીંમત. | પોષ્ટેજ. | પુસ્તકનું નામ, | | કીંમત. | પોસ્ટેજ. |
|---|---|---|---|---|---|---|---|
| સમવસરણ પ્રકરણ | સં. | ૦-૧-૬ | ૦-૦-૬ | સંબોધ પ્રકરણ | સં. | ૧-૮-૦ | ૦-૪-૦ |
| યોનીસ્તવ | ,, | ૦-૦-૬ | ૦-૦-૬ | ન્યાયાલોય સટીક | ,, | ૫-૦-૦ | ૦-૮-૦ |
| લોકનાલિકા | ,, | ૦-૨-૦ | ૦-૦-૬ | જૈનતત્ત્વ પરિક્ષા | ,, | ૦-૪-૦ | ૦-૧-૦ |
| સંપ્રતિ ચરિત્ર | ,, | ૦-૩-૦ | ૦-૦-૬ | સ્યાદ્વાદ બિન્દુ | ,, | ૨-૦-૦ | ૦-૪-૦ |
| બાલગોપાલ કથા | ,, | ૦-૧૦૬ | ૦-૦-૬ | ભદ્રકાળીનો ભોગ | ગુ. | ૦-૨-૦ | ૦-૦-૬ |
| કુવલયમાલા | ,, | ૧-૧૦-૦ | ૦-૪-૦ | શતકચૂર્ણિ | સં. | છપાય છે. | |
| હંસરાજવત્સરાજ | ,, | ૦-૬-૦ | ૦-૧-૦ | શતક પ્રકરણ (પ્રાચીન પંચમકર્મગ્રંથ) છપાયછે. | | | |
| શ્રીપાલ ચરિત્ર | ,, | ૦-૪-૦ | ૦-૧-૦ | ગચ્છાચાર પયન્નો | સં. | | છપાય છે. |

હંસરાજવત્સરાજકથા તથા શ્રીપાલચરિત્ર સાધુ સાધ્વીને ભેટ અપાય છે, માટે મંગાવનારે પોષ્ટેજ મોકલાવી આપવું.

વી. પી.થી મોકલવામાં આવતાં નથી, માટે મંગાવનારે નાણાં પ્રથમથી મોકલવાં.

મળવાનું ઠેકાણું.

**શ્રી વીર—સમાજ,**

૧૫૭ રતનપોળ—અમદાવાદ.